◆ વર્ષઃ ૪, ◆ અંકઃ ૧૨, ◆ સળંગ અંકઃ ૪૭,
◆ તા.૧૯/૦૯/૨૦૨૦, શનિવાર, ◆ પાના-૪,
◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦,
◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/-
(કુરીયર મારફત લવાજમ રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ,
◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦,
ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦
◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના.

# ટેક્ષ ટુડે

Tax Today (Monthly)

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

RNI No.GUJGUJ/2016/74805

e-mail: taxtodayuna@gmail.com
e-mail: editor@taxtoday.co.in
www.taxtoday.co.in

પ્રતિશ્રી,

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

# શું તમે જી.એસ.ટી. નંબર ધરાવો છો??? તો આ બાબતો જાણવી તમારા માટે છે ખૂબ જરૂરી......



**હેમંગ શાહ,**
ટેક્સ એડવોકેટ, જુનાગઢ

જી.એસ.ટી. લાગુ થયાને ત્રણ વર્ષથી વધુ સમય થઈ ગયો છે. એક ટેક્સ એડવોકેટ તરીકે મારો અનુભવ રહ્યો છે કે વેપારીઓ જી.એસ.ટી. કાયદા અંગે સામાન્ય નિયમોની જાણકારી હોતી નથી. આ જાણકારી ના અભાવે ક્યારેક દંડ ભોગવવો પડતો હોય છે. આ લેખમાં સામાન્ય વેપારી માટે ધ્યાને રાખવાના નિયમોની જાણકારી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ દરેક વેપારી નીચેની બાબતો ધ્યાને રાખે તે જરૂરી છેઃ

- ધંધાનું મુખ્ય સ્થળ, શાખા કે ગોડાઉન ઉપર ધંધાના નામના બોર્ડમાં GST નંબર લખવો ફરજિયાત છે. જો આપના ધંધા ના સ્થળે બોર્ડ ના લગાવેલ હોય તો જીએસટી નંબર સાથેનું બોર્ડ તુરંતજ લગાવી લેવું હિતાવહ છે.
- ઉચ્ચકવેરાનો વિકલ્પ સ્વીકારનારે ધંધાના બોર્ડમાં કોમ્પોઝિશન ટેક્ષેબલ પર્સન (Composition Taxable Person) લખવું ફરજીયાત છે. જો કંપોઝીશન ડિલરે બોર્ડમાં આ ના લખેલ હોય તો તુરતજ લખાવી લે તે જરૂરી છે.
- ઉચ્ચક વેરા નો વિકલ્પ સ્વીકારનારે બીલ ઓફ સપ્લાયમાં કોમ્પોઝિશન ટેક્ષેબલ પર્સન, નોટ એલીજીબલ ટુ કલેક્ટ ટેક્સ ઓન સપ્લાય (Composition Taxable Person, not eligible to collect tax on supplies) છપાવવું ફરજિયાત છે.
- ધંધાના સ્થળ ઉપર ત્રણ પાનાનું જીએસટી નંબરનું સર્ટિફિકેટ રાખવું અને દર્શાવવું ફરજિયાત છે.
- આપના ધંધાની જેટલી શાખા, ગોડાઉન, ઓફિસ કે અન્ય સ્થળ હોય તેની જાણ જીએસટી પોર્ટલ ઉપર કરવી ફરજિયાત છે. જો ના કરાવેલ હોય તો તે અંગે જાણ કરી આપવી હિતાવહ છે.
- આપના ચાલુ બેંક ખાતામાં ફેરફાર હોય ત્યારે તેની વિગત આપી નવા ખાતાની નોંધ જી.એસ.ટી.માં કરાવવી જરૂરી છે.
- ભાગીદારીમાં ફેરફાર, ધંધાના સ્થળ કે અન્ય કોઈ ફેરફાર હોય તો તેની જાણ વિગતો સાથે ફેરફારની તારીખથી ૧૫ દિવસમાં ફેરફારની જાણ જી.એસ.ટી. પોર્ટલ ઉપર કરવી જરૂરી છે.
- કંપોઝીશન સિવાયના વેપારીઓ માટે એ જાણવું જરૂરી છે કે માલ વેચનાર સમયસર ટેક્ષ કે રિટર્ન નહી ભરે અને GSTR 2Aમાં આપની ખરીદી નહીં દર્શાવતી હોય, તો આપને ટેક્સ ક્રેડિટ નહી મળે. જેથી જે વેપારી પાસેથી ખરીદી કરો તે વેપારી જેન્યુઇન છે કે નહી? અને સમયસર રિટર્ન ભરે છે કે નહી? તે વિગતો ચકાસી ને પછીજ ખરીદી કરવી હિતાવહ છે.
- આપના ચલણ ભરાય જાય એટલે તુરતજ આપના ટેક્સ પ્રેકટિશનરને ઈમેલથી કે રૂબરૂ ચલણની નકલ મોકલી આપવી જેથી રિટર્ન સમયસર રજુ કરી શકાય. ઘણીવાર એવું જાણવા મળતું હોય છે કે ટેક્સ ભરાઇ ગયો હોવા છતાં ચલણ ટેક્સ પ્રેકટિશનરને પહોચડવામાંના આવ્યું હોય અને વેપારીએ લેઈટ ફી ભરવી પડી હોય.
- આપના ઈમેલ કે મોબાઈલ નંબરમાં ફેરફાર હોય તો તુરતજ જાણ કરશો. જી.એસ.ટી., ઈન્કમ ટેક્સ રિટર્ન વી.ની નોટિસ વગેરે ઈ મેઈલ તથા SMS દ્વારા આવતા હોવાથી દિવસમાં ઓછામાં ઓછું ૧ વાર ચેક કરવું જરૂરી છે. કોઈ જી.એસ.ટી. કે અન્ય ટેક્સ અંગેના ઈ મેઈલ કે SMS આવે અને ના સમજાય તો ટેક્સ પ્રેકટિશનરોનો ત્વરિત સંપર્ક કરવો ખૂબ જરૂરી છે.
- હીસાબી વર્ષ ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષની ટેક્સ-ક્રેડિટ રિટર્ન માં દર્શાવવાની બાકી રહી ગઈ હોય તો મોડમાં મોડુ સપ્ટેમ્બરના ૨૦૨૦ના રિટર્નની છેલ્લી તારીખ (૨૦ ઑક્ટોબર) સુધીમાં ક્લેમ કરી લેશો. જો આ સમય સુધીમાં ક્રેડિટ ક્લેમ ના કરવામાં આવે તો





આ ક્રેડિટ મળી શકે નહીં. મારા અંગત મત મુજબ ઘણીવાર વેપારી ખરીદીના ટેક્સ ઇંવોઇસ ની સંભાળ રાખતા નથી. મિત્રો, ટેક્સ ઇંવોઇસનું મૂલ્ય રૂપિયાની નોટ જેવુ છે. જો નોટ સમયસરના વટાવવામાં આવે તો ડીમોનેટાઈઝ થઈ જાય છે. તેવી રીતે સમયસર ટેક્સ ઇંવોઇસની ક્રેડિટ ના લેવામાં આવે તો આ બિલની ક્રેડિટ મળી શકતી નથી.

- હજુ ઘણા વેપારીઓના ટેક્સ ઇન્વોઇસમાં પ્લેસ ઓફ સપ્લાયના કે સ્ટેટ કોડના કોલમ જ નથી. જેથી તેઓએ નવી ટેક્સ ઇન્વોઇસ બુક નીયમ અનુસારની છપાવી લેવી જોઇએ.
- ઘણા વેપારીઓ હજુ માલની સાથે ડિલિવરી ચલન મોકલે છે. પરંતુ આ નવા કાયદામાં માત્ર નીચેના કિસ્સામાં જ ડિલિવરી ચલણનો ઉપયોગ કરી શકાય છે. (એ) જ્યારે જોબવર્ક માટે માલ મોકલતો હોય ત્યારે, (બી) જ્યારે માલ કોલ્ડ સ્ટોરેજમાં મુકવા જતો હોય કે ત્યાંથી પરત લવાતો હોય ત્યારે, (સી) પોતાની જ એક જગ્યાએથી પોતાની જ બીજી જગ્યાએ, એટલે કે અન્ય જગ્યાના ગોડાઉનેથી માલ ફેક્ટરી એ લવાતો હોય કે ફેક્ટરી એથી અન્ય જગ્યાના ગોડાઉને માલ લઇ જવામાં આવતો હોય ત્યારે. ઉપરના કિસ્સા સિવાય જ્યારે માલની હેરફેર થતી હોય ત્યારે, વાહન સાથે ટેક્ષ ઇન્વોઇસ અથવા બિલ ઓફ સપ્લાય પૈકી જે લાગુ પડતુ હોય તે હોવું ફરજિયાત છે. ઉપર જણાવેલ નીયમોના ભંગ બદલ આપ દંડ ભરવા પણ જવાબદાર થઈ શકો છો. જેની ખાસ નોંધ લેશો.
- હાલ ટ્રાન્સપોર્ટ ના પેમેન્ટ, વકીલની ફી જેવા ખર્ચ ઉપર ઉપરાંત કપાસ, કાજુ જેવી ખરીદીઓ ઉપર RCM (રિવર્સ ચાર્જ મિકેનીઝમ) મુજબ વેરો ભરવાની જવાબદારી આવે છે. RCM અંગેની પોતાની જવાબદારી સમજી કરદાતાએ ભરવી જરૂરી છે. આ જવાબદારી જો આકારણી હેઠળ ભરવાપાત્ર નીકળે તો ટેક્સ ઉપરાંત વ્યાજ તથા દંડ પણ લાગી શકે છે.
- કરદાતાએ એ પણ જાણવું જરૂરી છે કે ધંધાના ચોપડા તથા હિસાબી સાહિત્યો ધંધાની જગ્યા ઉપર રાખવા જરૂરી છે.
- હવે જીએસટીમાં પણ આધાર કાર્ડને ઓર્થેન્ટિકેટ કરવાનાં જે થાય છે. તે માટે આપના ઈમેઇલ આઇડી અને મોબાઈલ નંબર આપના આધાર કાર્ડના ડેટામાં પણ હોય, તો જ જીએસટી ના પોર્ટલ માં તે ઓર્થેન્ટિકેટ થઈ શકે છે. જેથી આપના મોબાઈલ નંબર અને ઈમેઇલ આઇડી નો આપના આધાર કાર્ડ માં ઉમેરો કરાવી લેવા પણ ખાસ જરૂરી છે.

જી.એસ.ટી. અધિકારીઓ ઘણા ગામમાં વેપારીઓની સ્થળ તપાસ કરી રહ્યા છે તેવા અહેવાલો છે. આ પ્રકારની સ્થળ તપાસ થાય અને ઉપર મુજબ જો ધ્યાન રાખવામા ના આવે તો વેપારીઓ ઉપર દંડકીય કાર્યવાહી થઈ શકે છે.

**(લેખક જુનાગઢના જાણીતા ટેક્સ એડવોકેટ છે. તેઓ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસો. ના ભુતપૂર્વ ઉપ પ્રમુખ રહી ચૂકયા છે.)**

# ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ દ્વારા 'વર્ચ્યુલ નેશનલ ટેક્સ કોન્ફરન્સ'નું આયોજન

## CBDT ચેરમેન પી.સી.મોદી રહ્યા ખાસ ઉપસ્થિત

## ફેઈસલેસ એસેસમેન્ટ અંગે યોજાયું પેનલ ડિશકશનઃ ૨૭૦૦થી વધુ ડેલીગેટ્સ આ વેબીનારમાં થયા સહભાગી

ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ (AIFTP) -વેસ્ટ ઝોન, સેન્ટરલ ગુજરાત ચેમ્બર ઓફ ટેક્સ કન્સલટંટ્સ (CGCTC), GST પ્રેકટિશનર્સ એસો. મહારાષ્ટ્ર (GSTPM) તથા વેસ્ટર્ન મહારાષ્ટ્ર ટેક્સ પ્રેકટીશનર્સ એસો. (WPTMA) દ્વારા સાથે મળી પ્રથમ ''વર્ચ્યુલ નેશનલ ટેક્સ કોન્ફરન્સ''નું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન ૧૨ સપ્ટેમ્બર તથા ૧૩ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦ થી સાંજે ૫ સુધી યોજાશે. આજે આ ''વર્ચ્યુલ નેશનલ ટેક્સ કોન્ફરન્સ'' ના પ્રથમ દિવસે માનનીય પ્રધાનમંત્રીએ૧૩ ઓગસ્ટના રોજ ખુલ્લી મૂકેલી ''ફેઈસ લેસ'' આકારણી અંગે એક પેનલ ડિસકશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પેનલ ડિસકશનમાં મુખ્ય વક્તા તરીકે ''સેન્ટરલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ'' ના ચેરમેન પી. સી. મોદી ખાસ ઉપસ્થિતિ રહ્યા હતા. તેમણે પ્રધાનમંત્રીએ જાહેર કરેલ "TEA" Transparency, Efficiency and Accountabilityનો સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવશે તેવું કરદાતાઓ તથા કરવ્યવસાયીઑને આશ્વાસન આપવામાં આવ્યું હતું.





આ કોન્ફરન્સનું ઉદ્દઘાટન AIFTPના રાષ્ટ્રીય અધ્યક્ષ એડવોકેટ નિકિતા બધેકાએ કર્યું હતું. આ વેબિનરમાં જયપુરના એડવોકેટ પંકજ ઘીયાનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે AIFTPનો આ ૧૦૦મો વેબીનાર છે. AIFTPના વેબિનરોમાં પંકજ ઘીયાનો ખાસ ફાળો રહ્યો છે. ઉદ્દઘાટન પ્રસંગે તમામ આયોજક એસોશીએશનના પ્રમુખોએ ખાસ સ્વાગત વકતાવ્યો આપ્યા હતા.

'વર્ચ્યુલ નેશનલ ટેક્સ કોન્ફરન્સ'ના પેનલ ડિસ્કશનમાં ઈન્કમ ટેક્સના ઉચ્ચ અધિકારીઓએ એવા ડો. પુનિયા તથા કમલેશ વર્ષનેય ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કરદાતાઓ વતી આ પેનલમાં જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ મુકેશ પટેલ તથા વરિષ્ઠ એડવોકેટ ગણેશ પુરોહિત હાજર રહ્યા હતા. આ પેનલ ડિસકશનના મોડરેટર તરીકે જુનાગઢના જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ તથા ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સના સેક્રેટરી જનરલ સમીર જાનીએ સેવા આપી હતી. ''ફેઈસલેસ એસેસમેન્ટ'' અંગેના મહત્વના પ્રશ્નો અંગે પેનલ દ્વારા ચર્ચા કરવામાં આવી હતી.

આ પેનલ ડિશકશન ઉપરાંત ૧૨ સપ્ટેમ્બરના રોજ જી.એસ.ટી. વાર્ષિક રિટર્ન ઉપર દિલ્હીના જાણીતા CA બિમલ જૈન તથા CA અશોક બત્રાના વકતવ્યો રહેશે. આ ઉપરાંત તા.૧૩ સપ્ટેમ્બરના રોજ જાણીતા વક્તા જયપુરના એડવોકેટ પંકજ ઘીયા, CA અભય દેસાઇ, કોલકતાના એડવોકેટ નારાયણ જૈન જી.એસ.ટી. તથા ઈન્કમ ટેક્સના વિષયો ઉપર વકતવ્યો આપશે. આ નેશનલ કોન્ફરન્સને સફળ બનાવવા પૂનાના નારાયણ સોનવણે તથા સમગ્ર ટિમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી છે. **(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)**

# કરદાતાઓ માટે ખુશ ખબર....

# હવે લાગશે વ્યાજ માત્ર 'કેશ લેજર' દ્વારા ભરવા પાત્ર ટેક્સ ઉપરજ!!

## વેપારીઓને મોટી રાહત, પણ મોટાભાગના વેપારીઓ આ જી.એસ.ટી.ની આ જોગવાઈથી હતા બેખબર!!





તા. ૨૬.૦૮.૨૦૨૦: જી.એસ.ટી. કાયદા હેઠળ એક મહત્વનો ફેરફાર લાગુ કરવામાં આવ્યો છે. ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૦ થી જી.એસ.ટી. કાયદા હેઠળ ભરવાનું થતું વ્યાજ હવે માત્ર કેશ લેજર દ્વારા ભરવામાં આવતી રકમ ઉપર લાગશે. જી.એસ.ટી. કાયદાની કલમ ૫૦માં સુધારો કરવામાં આવ્યો હતો. આ સુધારો ૦૧ સપ્ટેમ્બરથી લાગુ પડશે તે અંગેનું જાહેરનામું ગઈકાલે તા. ૨૫ ઓગસ્ટના રોજ બહાર પાડવામાં આવ્યું છે. મોટાભાગના કરદાતાઓ આ જૂના નિયમથી અવગત ના હતા.અગાઉના નિયમ પ્રમાણે વેચાણ ઉપર ઉઘરવેલ ટેક્સ ઉપર વ્યાજ ભરવાની જવાબદારી આવતી હતી. ઉદાહરણ તરીકે ૧૦૦ રૂ ના વેચાણ ઉપર ૫% લેખે ૫ રૂપિયાનો ટેક્સ કોઈ વેપારીએ ઉઘરાવ્યો હોય અને તેની ક્રેડિટ ૧૦ રૂ જમા પડી હોય, તો સરવાળે ભરવાપાત્ર ટેક્સ શૂન્ય થતો હોય છે. આમ, છતાં વેપારીએ ૫ રૂા. ઉપર વ્યાજ ભરવાનું થતું હતું. આ નિયમ ઉપર વિવિધ વેપારી સંગઠનો તથા ખાસ કરી ને ટેક્સ પ્રેકટીશનારોના સંગઠનો એ વિરોધ જતાવ્યો હતો. કાયદામાં ફેરફાર હવે ૧ સપ્ટેમ્બરે લાગુ કરવામાં આવ્યો હોય ટેક્સ પ્રેકટિશનર્સમાં એ બાબત ચર્ચાનો વિષય બન્યો છે કે આ સુધારો પાછલી અસરથી ગણાશે કે નહીં?? જો આ સુધારો માત્ર ૦૧ સપ્ટેમ્બરથી લાગુ ગણાશે તો ૦૧ જુલાઇ ૨૦૧૭ થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ સુધી અનેક કરદાતા આ ઘાતકી જોગવાઈના ભોગ બનશે તે બાબત નક્કી છે. લેખકના મત પ્રમાણે જાહેરનામાના શબ્દો જોતાં આ સુધારો ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૦ થી લાગુ ગણાય, પણ એ બાબત ચોક્કસ છે કે આ સુધારો 'ક્લેરીફીકેટરી' ગણાય અને પાછલી અસરથી લાગુ થાય તેવા ચૂકાદાઓ કોર્ટ દ્વારા આપવામાં આવે તેવી શક્યતા વધુ છે.

આ ચુકાદાઓની રાહ જોવાના બદલે સરકાર દ્વારા આ જોગવાઈનો સુધારો પાછલી તારીખથી લાગુ થશે તે અંગે ખુલાસો કરવામાં આવે તેવી આશા કરદાતાઓ સેવી રહ્યા છે. **(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)**

# સરકારની સ્પષ્ટતાઃ જી.એસ.ટી.ના અમલથીજ લાગશે વ્યાજ માત્ર ચૂકવવાપાત્ર વેરા ઉપર!!

## ઘટાડેલું વ્યાજ પાછલી અસરથી લાગુ પડશે કે નહીં તે અંગે તજજ્ઞોમાં થઈ રહી હતી ચર્ચા

તા. ૨૭.૦૮.૨૦૨૦: ૦૧ સપ્ટેમ્બરથી જી.એસ.ટી. કાયદા હેઠળ એક મહત્વનો સુધારો લાગુ કરવામાં આવ્યો છે. જી.એસ.ટી. કાયદાની કલમ ૫૦ હેઠળ, વ્યાજ માત્ર રોકડ સ્વરૂપે ભરવાની થતી રકમ ઉપર લાગશે તેવો સુધારો અમલી બનાવવામાં આવ્યો છે. આ સુધારા અંગે જાહેરનામું આવતાજ ટેક્સ પ્રેકટિશનરોમાં એ બાબત ચર્ચાનો વિષય બની હતી કે જી.એસ.ટી. કાઉન્સીલની મિટિંગમાં આ સુધારો જી.એસ.ટી. લાગુ થયો ત્યારથી કરવામાં આવશે તે અંગે નિર્ણય લેવામાં આવેલ હતો તથા આ અંગે પ્રેસ સમક્ષ જાહેરાત પણ કરવામાં આવી હતી ત્યારે, આ જાહેરનામામાં આ સુધારાની અસર ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૦ થી આપવામાં આવી છે. આ સુધારો ૦૧.૦૭.૨૦૧૭ થી લાગુ થશે કે ૦૧.૦૯.૨૦૨૦ થી, તે બાબતે અલગ અલગ અભિપ્રાય તજજ્ઞો દ્વારા આપવામાં આવી રહ્યા હતા. આ ચર્ચાઓ ઉપર સમયસર પૂર્ણવિરામ મુકાઇ ગયો છે. સરકાર દ્વારા ખૂબ સમયસર પ્રેસ વિજ્ઞપ્તિ જાહેર કરી જણાવવામાં આવ્યું છે કે આ સુધારો ૦૧ જુલાઇ ૨૦૧૭ એટલેકે જી.એસ.ટી. નો અમલ થયો ત્યારથી લાગુ પાડવામાં આવશે. અમુક વિધિગત મુશ્કેલીઓ ના કારણે આ જાહેરનામામાં પાછલી અસર વિષે ઉલ્લેખ થઈ શક્યો નથી. આ ઉલ્લેખ અંગે ટૂંક સમયમાં આધિકારિક જાહેરાત કરવામાં આવશે તેવું પણ જાહેર કરવામાં આવ્યું છે. આ પ્રેસ વિજ્ઞપ્તિમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે ગ્રોસ રકમ ઉપર વ્યાજ અંગે કરદાતા પાસેથી કોઈ રિકવરી કરવામાં આવશે નહીં.

જી.એસ.ટી. કાયદાનો અમલ થયો છે ત્યારથી સરકાર, વેપારીઓ તથા ખાસ કરીને ટેક્સ પ્રેકટિશનરોની અનેક ટીકાઓનો સામનો કરી રહી છે. ૨૫ ઓગસ્ટના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામા બાબતે ઉઠેલા વિવાદને શાંત પાડવા ૨૬ ઓગસ્ટના રોજ ખુલાસો કરવાનું આ પગલું ખૂબ આવકારદાયક છે. આ ખુલાસો થતા કરદાતાઓ તથા કર વ્યવસાયીકોએ રાહતનો શ્વાસ ચોક્કસ લીધો હશે. **(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)**

# કંપોઝીશનના કરદાતાઓ માટે ભરવાના થતાં GSTR4ની મુદત ૩૧ ઓક્ટોબર-૨૦૨૦ સુધી વધારવામાં આવી

## GSTR 4 ભરવાના છેલ્લે દિવસે પણ જી.એસ.ટી. પોર્ટલના સર્વર અંગે ફરિયાદો ના આવી તે બાબત આવકારદાયક

તા. ૦૧.૦૯.૨૦૨૦: જી.એસ.ટી. કાયદા હેઠળ કંપોઝીશન કરદાતાએ વાર્ષિક ધોરણે ભરવાના થતા GSTR 4 ફોર્મની મુદત ૩૧ ઓગસ્ટ ૨૦૨૦ થી વધારી ૩૧ ઓક્ટોબર ૨૦૨૦ કરી નાંખવામાં આવી છે. આ અંગે આધિકારિક નોટિફિકેશન ૬૪/૨૦૨૦ બહાર પાડવામાં આવ્યું છે. આ ફોર્મ ૨૦૧૯-૨૦ થી કંપોઝીશન કરદાતાઑએ વાર્ષિક ધોરણે ભરવાપાત્ર છે. ઉલ્લેખનીય છે કે આ ફોર્મ ભરવાંની મુદત ૩૧ ઓગસ્ટ હોવા છતાં પોર્ટલ ઉપર આ ફોર્મ ઘણું મોડુ ઉપલબ્ધ બનાવવામાં આવ્યું હતું. રાજ્યની નામાંકિત એકાઉન્ટ સોફ્ટવેર બનાવતી કંપની દ્વારા પોતાના સોફ્ટવેર ઉપર આ ફોર્મ ૩૧ ઓગસ્ટના રોજ બહાર પાડવામાં આવ્યું હતું.

દિવસભર ટેક્સ પ્રેકટિશનરોએ આ ફોર્મ ભર્યા હતા. આ ટેક્સ પ્રેકટિશનર્સ તથા એકાઉન્ટન્ટ આશા સેવી રહ્યા હતા કે આ ફોર્મ ભરવાની મુદતમાં સરકાર દ્વારા વધારો જાહેર કરવામાં આવે. આ ફોર્મ મોડુ ભરવામાં આવે તો રોજ ૫૦ રૂપિયા ની લેઇટ ફી કરદાતાઓ એ ભરવાની જવાબદારી આવે તેમ હતી. રાત્રિના ૯:૩૦ કલાકે મુદત વધારા અંગેનું ટ્વિટ CBIC દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું. આ અંગે નોટિફિકેશન પણ ટૂંક સમયમાં આવી જતાં કરદાતાઓ અને ખાસ કરીને ટેક્સ પ્રેકટિશનરો તથા એકાઉન્ટન્ટોએ રાહત નો શ્વાસ લીધો હતો. ટેક્સ પ્રેકટિશનરોમાં એ બાબત સકારાત્મક ચર્ચાનો વિષય બની હતી કે છેલ્લે દિવસે જ્યારે જી.એસ.ટી.આર. ૪ ફોર્મ ભરવા ઘસારો હોવા છતાં જી.એસ.ટી. પોર્ટલમાં સર્વરની મુશ્કેલી જણાય ના હતી. **(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)**

# શું થઈ શકે છે G.S.T. રોલ બેક??? શું ફરી આવી શકે છે વેટ???

## કોરોના સંકટ વચ્ચે રાજ્યોને ચૂકવવાના થતાં જી.એસ.ટી.માં કેન્દ્ર સરકાર રહી છે નિષ્ફળ: રાજ્યો ભોગવી રહ્યા છે આર્થિક સંકટ

સમગ્ર વિશ્વ કોરોના સંકટ સામે જજૂમી રહ્યું છે. ભારત જેવા વિકાસશીલ દેશ માટે તો કોરોનાના કારણે અનેક ગંભીર આર્થિક સંકટ ઊભા થયા છે. ૨૫ માર્ચથી ૩૧ મે સુધી દેશભરમાં સંપૂર્ણ લોકડાઉન રહ્યું. લોકડાઉનના આ ૬૭ દિવસમાં કોરોના સંક્રમણને તેઓ ફેલાતું અટકાવવામાં સરકાર સફળ રહી પરંતુ દેશને તથા જનતાને આ લોકડાઉનના કારણે આર્થિક રીતે ખૂબ મોટું નુકસાન થયું તે ચોક્કસ છે. પ્રધાનમંત્રીએ પોતાના લોકડાઉનના ભાષણમાં સ્પષ્ટ રીતે જણાવ્યુ હતું કે જાન હે તો જહાઁ હે. આમ, દેશને લોકડાઉનથી થનારી નકારાત્મક આર્થિક અસર વિષે તેઓને અંદાજ હતો તેમ ચોક્કસ માની શકાય. પણ સ્વાભાવિક રીતે સ્વાસ્થ્યને-અર્થ કરતાં વધુ મહત્વ આપવું જરૂરી છે અને તે જ રીતે આર્થિક ક્ષેત્રે નુકસાન ભોગવીને પણ જનતાના સ્વાસ્થ્યને વધુ મહત્વ આપવામાં આવ્યું. લોકડાઉનનો નિર્ણય કેટલો સારો કે ખરાબ હતો, શું ભૂલો આ લોકડાઉન લાગુ કરવામાં થઈ વગેરે જેવી બાબતોની ચર્ચા આ લેખ માટે અસ્થાને છે. આ લેખ લખવામાં આવ્યો છે આ અઠવાડીયાના ખૂબ મહત્વના સમાચાર એવા જી.એસ.ટી. કાઉન્સીલની મિટિંગ તથા તેમાં થયેલા રાજ્યો અને કેન્દ્ર વચ્ચેના જી.એસ.ટી. વહેચણી અંગેના મતભેદો ઉપર.

દેશના એક સૌથી મોટા 'ટેક્સ રીફોર્મ' જેને ગણવામાં આવી રહ્યો છે તેવો જી.એસ.ટી. સમગ્ર દેશમાં ૦૧ જુલાઇ ૨૦૧૭ના રોજ લાગુ કરવામાં આવ્યો હતો. આ જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો ત્યાં સુધી દેશમાં દરેક રાજ્યો માલના વેચાણ ઉપર વેલ્યૂ એડેડ ટેક્સ (વેટ) ઉઘરાવતો હતો. દરેક રાજ્યોમાં વેટના નિયમો, વેટના દરો, વિધિઓ અલગ અલગ હોવાના કારણે વેપાર જગત ખૂબ મુશ્કેલી ભોગવતો હતો. 'વન નેશન-વન માર્કેટ-વન ટેક્સ'ના સૂત્ર સાથે જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો હતો. જોકે આ 'વન નેશન-વન માર્કેટ-વન ટેક્સ' કેટલું સાર્થક છે તે અંગે પણ જી.એસ.ટી.ના તજજ્ઞો અવારનવાર પ્રશ્ન ઉઠાવતા રહ્યા છે. આ પ્રશ્ન હાલ બાજુ પર મૂકી દઈએ. ૨૭ ઓગસ્ટના રોજ મળેલી જી.એસ.ટી. કાઉન્સીલની મિટિંગમાં જે પ્રમાણે જી.એસ.ટી.ની રાજ્યોને વહેચણીના પ્રશ્ન ખૂબ ઉગ્ર રીતે ચર્ચવામાં આવ્યો, ત્યારબાદ એક પ્રશ્ન ફરી મનમાં થઈ રહ્યો છે કે શું જી.એસ.ટી. રોલબેક થઈ શકે છે?? **શું રાજ્યો ફરી લાવી શકે છે વેટ??**

### શું છે રાજ્યોની મુશ્કેલી??

રાજ્ય સરકારોની ૫૦% થી પણ વધુ આવક વેટમાંથી થતી હતી. જુલાઇ ૧૭ થી દેશભરમાં જી.એસ.ટી. લાગુ થતાં રાજ્ય સરકારોને રાજસ્વમાં ખૂબ મોટું ગાબડું પડ્યું છે. જી.એસ.ટી.ની આવક પ્રથમ કેન્દ્ર સરકાર પાસે જતી હોય છે અને ત્યારબાદ કેન્દ્ર સરકાર જે તે રાજ્યોને આ જી.એસ.ટી.ની વહેચણી કરતી હોય છે. રાજ્યોની ફરિયાદ છે કે આ વહેચણી સમયસર થતીના હોય તેઓ ખૂબ મોટા આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે. અમુક રાજ્યો તો સરકારી નોકરિયાતોને પગાર ચૂકવવામાં પણ નિષ્ફળ ગયા છે. જી.એસ.ટી.ના અમલ સાથેજ પેટ્રોલિયમ ચીજવસ્તુઓને હજુ વેટ હેઠળ રાખવામા આવેલ છે. આ કારણે પેટ્રોલિયમ ચીજવસ્તુઓ સાથે સંકળાયેલ કરદાતાઓ તથા ગ્રાહક સુદ્ધાંને આર્થિક માર પડે છે તે બાબત ચોક્કસ છે. પણ આ કારણે રાજ્યોને થોડા અંશે આવકના સ્ત્રોતમાં આ પેટ્રોલિયમ ચીજવસ્તુઓ ઉપરનો વેટ ખૂબ ઉપયોગી સાબિત થતો હોય છે. આ કારણેજ છેલ્લા ત્રણ વર્ષથી પ્રયત્નો છતાં પેટ્રોલિયમ ચીજવસ્તુઓને જી.એસ.ટી. હેઠળ લાવવા રાજ્ય સરકારો સહમત થતી નથી. રાજ્ય સરકારો, ખાસ કરીને જે રાજ્યોમાં ભા.જ.પ. સિવાયની સરકાર છે તેવા રાજ્યો કેન્દ્ર સરકાર જી.એસ.ટી. હેઠળ પોતાના રાજ્યને સમયસર રકમ ફાળવવાતીના હોવાની દલીલ કરી રહ્યા છે. સમાચાર માધ્યમોમાં આવેલ સમાચાર મુજબ છત્તીસગઢ દ્વારાતો કેવી રીતે જી.એસ.ટી. માંથી બહાર નીકળી શકે તે અંગેના કાયદાકીય વિકલ્પો તપાસવા પણ શરૂ કર્યા છે તે અંગેના અહેવાલો આવ્યા હતા. સૂત્રોનું માનવમાં આવે તો છત્તીસગઢ રાજ્ય દ્વારા કેન્દ્રિય નાણાંમંત્રીની રાજ્યોને આપવામાં આવેલ RBI પાસેથી લોન લેવાના વિકલ્પને ખારીજ કરી આપ્યો છે. રાજ્ય સરકાર દ્વારા આગ્રહ કરવાયો છે કે કેન્દ્ર સરકાર પોતે લોન લે અને રાજ્ય સરકારને ચૂકવવા પાત્ર રકમની ચુકવણી કરે. ૩૧ ઓગસ્ટના રોજ પ્રેસ વિજ્ઞપ્તિ જાહેર કરી તામિલનડુંના મુખ્ય મંત્રીએ ભારતના પ્રધાનમંત્રીને પત્ર લખ્યાની વિગતો જાહેર કરી છે. આ પત્રમાં પણ સ્પષ્ટ રીતે ૨૭ ઓગસ્ટની જી.એસ.ટી. કાઉન્સીલ મિટિંગમાં આપવામાં આવેલ બન્ને વિકલ્પો રાજ્ય સરકારને સ્વીકાર્ય નથી તે અંગે સ્પષ્ટ રીતે જણાવી આપ્યું છે. પત્રમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે જી.એસ.ટી. લાવવામાં આવ્યો તે ૧૦૧ માં બંધારરણીય સુધારાની જોગવાઈ મુજબ એ સ્પષ્ટ છે કે રાજ્યોને થતાં નુકસાનની ભરપાઈ કરવાની જવાબદારી કેન્દ્ર સરકારની રહેશે. આ જવાબદારી હેઠળ માત્ર 'કંપેનશેશન સેસ એક્ટ' હેઠળ થતી આવકમાંથી જ કરવામાં આવી શકે છે તેવી કેન્દ્ર તે બાબત યોગ્ય નથી. આ લેખ લખવામાં આવી રહ્યો છે ત્યાં સુધી (૨ સપ્ટેમ્બર) છત્તીસગઢ, તામિલનાડું ઉપરાંત પંજાબ, દિલ્હી, કેરેલા, તેલંગાણા તથા પશ્ચિમ બંગાળ દ્વારા જી.એસ.ટી. કાઉન્સીલ મિટિંગમાં આપવામાં આવેલ બન્ને વિકલ્પો સ્વીકાર્ય નથી તે અંગે વિવિધ માધ્યમો દ્વારા જાહેરાતો કરી છે. દિલ્હીના ઉપ મુખ્યમંત્રી અને નાણાં મંત્રી એવા મનીષ સિસોદિયાએ જાણીતા સમાચાર પત્રોને આપેલ ઇન્ટરવ્યુમાં જણાવ્યુ છે કે હાલની પરિસ્થિતીમાં કેન્દ્ર સરકાર પાસે માત્ર એકજ વિકલ્પ છે કે RBI પાસેથી લોન કેન્દ્ર સરકાર મેળવે. આ લોનના વ્યાજ તથા હપ્તાની ચુકવણી કેન્દ્ર સરકાર દ્વારા 'કંપેનશેશન સેસ એક્ટ' હેઠળની આવકમાંથી કરવામાં આવે. આ માટે તેમણે કંપેનશેશન સેસ એક્ટની મુદ્દત ૨૦૨૨ પછી પણ આગળ વધારવામાં આવે તેવો પણ આગ્રહ કર્યો છે. ઉલ્લેખનિય છે કે જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો ત્યારથી પ્રથમ પાંચ વર્ષ માટે રાજ્યોને આવકમાં થનાર નુકસાનની ભરપાઈ કરવાં માટે કંપેનશેશન સેસ એક્ટ પ્રથમ પાંચ વર્ષ માટે લાગુ કરવામાં આવ્યો છે. આ 'કંપેનશેશન સેસ એક્ટ' દ્વારા લક્ઝરી ચીજવસ્તુઓ જેવી કે SUV કાર અને 'સીન ગુડ્સ' જેવાકે તમાકુ, ઠંડા પીણાં જેવી આરોગ્યને નુકસાનકારક વસ્તુઓ ઉપર સેસ નાંખવામાં આવ્યો છે. વાંચકોએ એ જાણવું જરૂરી છે કે ભારતના કુલ ૨૮ રાજ્યો પૈકી ૧૨ રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટિ સિવાયની સરકારો છે. આ પૈકી ૭ રાજ્યોએ તો કેન્દ્રના રાજ્યોના લોન લેવા અંગેના પ્રસ્તાવ અસ્વીકાર્ય હોવા અંગે સ્પષ્ટતા કરી આપી છે. જે રાજ્યોમાં ભા.જ.પ. ની સરકારો છે આ તમામ સરકારો જી.એસ.ટી. કાઉન્સીલની રાજ્યો RBI પાસેથી લોન લેશે તે પ્રસ્તાવ સ્વીકારી લેશે તેમ માનવમાં આવે છે. આમ, આ પ્રશ્ન કે જે મૂળભૂત રીતે આર્થિક પ્રશ્ન હોવા છતાં, રાજકીય પ્રશ્ન બની ગયો છે તે બાબત ચોક્કસ છે.




### કેન્દ્ર સરકારની છે પોતાની મજબૂરી

કોરોના સંકટના કારણે સમગ્ર વિશ્વ આર્થિક ક્ષેત્રે ઝઝૂમી રહ્યું છે. ભારતના જી.ડી.પી.માં આ કારણેજ રેકોર્ડ ઘટ આવી છે. રાજ્યોની જેમ કેન્દ્ર સરકાર પણ ગંભીર આર્થિક સંકટ સામે ઝઝૂમી રહી છે. લોકડાઉનના કારણે 'કંપેનશેશન સેસ એક્ટ' હેઠળની આવક પણ રેકોર્ડ સ્તરે ઘટી છે. આજ કારણે કેન્દ્ર સરકાર રાજ્યોને તેમને ગયેલ ખોટ ચૂકવી શક્તિ નથી તેવું નાણાંમંત્રીએ જાહેર કર્યું છે. નાણાં મંત્રીએ સ્પષ્ટતા સાથે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યુ હતું કે 'કંપેનશેશન સેસ એક્ટ' હેઠળ થયેલ આવકમાંથી સરકાર રાજ્યોને ચૂકવવા જવાબદાર છે પણ એ સિવાયની આવકમાંથી કેન્દ્ર સરકાર રાજ્યોને ચુકવણી કરવા કાયદાકીય રીતે બાધ્ય પણ નથી. તેઓ આ કોરોના મહામારીને એક્ટ ઓફ ગોડ ગણાવી 'ફોર્સ મેજર' લાગુ થાય તેવા પણ સંકેતો આપ્યા હતા.

### શું કહે છે નિષ્ણાંતો

સ્વર્ગસ્થ ભૂતપૂર્વ નાણાં મંત્રી અને જી.એસ.ટી. લાવવામાં જેમની ખૂબ મહત્વની ભૂમિકા રહેલી છે તેવા સ્વ. અરુણ જેટલી દ્વારા રાજ્યોને જી.એસ.ટી. લાગુ કરવા અંગે મનાવવા ખૂબ જહેમત ઉઠાવવામાં આવી હતી. રાજ્યોનો સૌથી મોટો પ્રશ્ન ત્યારે પણ આ જ હતો કે રાજ્ય સરકારોની સ્વાયત્તતા જી.એસ.ટી. લાગુ કરવાથી ઘટી જશે. કેન્દ્ર ઉપર રાજ્યો વધુ નિર્ભર બની જશે. બંધારણ સુધારા બિલમાં આ અંગે સ્પષ્ટ જોગવાઈ કરી જી.એસ.ટી. કાઉન્સીલની રચના કરવામાં આવી છે. આ કાઉન્સીલના અધ્યક્ષ કેન્દ્રિય નાણાંમંત્રી હોય છે. આ ઉપરાંત ભારતના તમામ રાજ્યોના નાણાંમંત્રી આ કાઉન્સીલના સભ્યો હોય છે. આ કાઉન્સીલનું કામ કેન્દ્ર અને રાજ્ય સરકારોને જી.એસ.ટી. અંગે ભલામણો કરવાનું છે.

જામનગરના જાણીતા એડવોકેટ તથા અર્થશાસ્ત્રી **અક્ષત વ્યાસ** ધ ડિજિટલ ન્યૂઝ તથા ટેક્સ ટુડે સાથેની ખાસ ઇન્ટરવ્યુમાં જણાવે છે કે આ કાઉન્સીલનું કામ માત્ર ભલામણો કરવાનું છે. કેન્દ્ર કે રાજ્ય સરકારોએ આ ભલામણો માનવી કે ના માનવી એ તેમની મુનસફી ઉપર નિર્ભર છે. જી.એસ.ટી. લાગુ થયાના ત્રણ વર્ષમાં ભલે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ એક સૂત્રતાથી તમામ નિર્ણયો લીધા છે પણ આ કોરોનાના મુશ્કેલ સમયગાળામાં શક્ય છે કે રાજ્યો પોતાના ખર્ચને પહોચી વળવા વધારાના ટેક્સ રાજ્યોમાં લાવી શકે છે. તેઓ ઉમેરે છેકે એ દિવસ દૂર નથી જ્યારે કોઈ વસ્તુ ઉપર CGST ૨.૫% લાગતો હોય અને SGST ૯% લાગતો હોય. આમ, જો રાજ્ય સરકારોની મદદ હાલ નહીં કરવામાં આવે તો 'વન નેશન, વન ટેક્સ વન માર્કેટ'ની થીયરી ઉપર પૂર્ણવિરામ મુકાઇ શકે છે. તેઓએ તો ત્યાં સુધી જણાવ્યુ હતું કે તેમના માટે એ પણ શક્ય છે કે ફરી દેશમાં દરેક રાજ્યો વેટ કર પ્રણાલી તરફ પાછા ફરી શકે છે.

આ અંગે વાત કરતાં પોરબંદરના જાણીતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિવ્યેશ સોઢા જણાવે છે કે ભલે કાયદાકીય રીતે કદાચ કેન્દ્ર સરકાર 'કંપેનશેશન સેસ એક્ટ'માંથી જ રાજ્ય સરકારોને ચુકવણી કરવા બંધાયેલી હોય પણ જો જી.એસ.ટી. ને ટકાવવો હશે તો કેન્દ્ર સરકારે ભારતીય ફેડરલ સ્ટ્રક્ચર સાચવવા રાજ્યોને મદદ કરવી જરૂરી છે. જોકે તેઓ એ બાબતે સહમત નથી કે જી.એસ.ટી. કાઉન્સીલની ભલામણો વિરુદ્ધ રાજ્યો નિર્ણય કરી શકે છે. તેઓ માને છે કે જી.એસ.ટી. કાઉન્સીલના નિર્ણયો બહુમતીથી લેવાય છે અને આ તમામ રાજ્યો ને બાધ્ય રહે છે.

જેતપુરના જાણીતા એડવોકેટ **લલિત ગણાત્રા** આ અંગે જણાવે છે કે ૪૧ મી જી.એસ.ટી. કાઉન્સીલની મિટિંગ ભવિષ્યના તોફાન તરફ ઈશારો કરે છે. તેઓ તેમની નૈસર્ગિક પદ્ધતિમાં ઉમેરે છે કે ઘર ચલાવવા પૈસા જોઈએ. સગો ભાઈ પણ જો પૈસા ના આપતો હોય તો બીજા ભાઈથી સહન ના થતું હોય તો પછી રાજ્યો સરકારની તો વાતજ થઈ ના શકે. રાજ્યનો કાર્યભાર ચલાવવો રાજ્ય માટે ખૂબ મુશ્કેલ બની જાય.

આ અંગે અમદાવાદના પ્રખ્યાત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ **મોનીષ શાહ** ખૂબ ટૂંકા શબ્દોમાં જણાવે છે કે કેન્દ્ર સરકાર આ બાબતે પણ રાજ્યોને માનવી લેશે તેવું તેઓ માંને છે. લોન અંગે વાતા ઓછા અંશે બાંધછોડ કરી તમામ રાજ્યોને ખુશ કરી જી.એસ.ટી. કાયદો આ કપરા કાળ માંથી પસાર થાય તેવું વડાપ્રધાન ચોક્કસ ઇચ્છશે અને આ માટે કદાચ તેઓ પોતે અથવા તેમના સેકન્ડ ઇન કમાન્ડ જેમને ગણવામાં આવે છે તેવા અમિતભાઈ શાહને પણ મેદાને ઉતારવામાં આવે તો નવાઈ નહીં થાય.

CAના વિદ્યાર્થી અને નાની ઉમરે આ તમામ બાબતોમાં ઊંડો રસ લેનાર **ભાર્ગવ ગણાત્રા અક્ષત વ્યાસ**ની વાત સાથે સહમત થતાં ઉમેરે છે કે હાલની પરિસ્થિતીમાં કેન્દ્ર તથા રાજ્યોને પોત પોતાની મુશ્કેલી છે. એ સ્થિતિ પણ આવી શકે છે જ્યાં કેન્દ્ર તથા રાજ્યો નમતું ના જોખે અને સરવાળે વધારાના ટેક્સનું ભારણ પ્રજા ઉપર લાદી દેવામાં આવે.

ગુજરાતીમાં કહાવત છે કે ''પાડાના વાંકે પખાલીને ડામ'' તેવી રીતે કેન્દ્ર-રાજ્યો વચ્ચેની આ લડાઈમાં ઉદ્યોગ-ધંધાને માઠી અસર પહોચી શકે છે. મહામહેનતે લાગુ થયેલ જી.એસ.ટી. ના સ્થાને ફરી વેટ લાગુ કરવામાં આવે તો આંતરરાજ્ય 'ક્રેડિટ' મળવી શક્ય નથી. આ ઉપરાંત અલગ અલગ રાજ્યોના અલગ અલગ કાયદાઓ, નિયમોના પાલન કરવાં પણ વેપાર-ખાસ કરીને ઉદ્યોગ જગત માટે મુશ્કેલ બને તે ચોક્કસ છે.

આ મુદ્દો દેશના અર્થતંત્ર, રાજતંત્ર ઉપર ખૂબ ઊંડો પ્રભાવ પાડશે તે બાબત ચોક્કસ છે. કોરોના સંકટ બાદ દેશ ખૂબ કપરી આર્થિક પરિસ્થિતીમાંથી પસાર થઈ રહ્યો છે. આ સમયે રાજકીય ગજાગ્રહ રાંખવાના બદલે સમન્વયથી કેન્દ્ર અને રાજ્યો એ વચ્ચગાળાનો રસ્તો નીકળવો જરૂરી છે. હાલ સૌથી સરળ રસ્તો એ દેખાઈ રહ્યો છે કે કેન્દ્ર જી.એસ.ટી. કાઉન્સીલમાં કોઈ ભાગલા ના પડે તે માટે રાજ્યોની ભલામણ સ્વીકારી પોતે RBI પાસેથી લોન લઈ રાજ્યોને તેમની બાકી રકમ ચૂકવી આપે. જો આમ ના થાય તો શક્ય છે ફરી દેશ 'વેટ રિજીમ'માં ધકેલાય શકે છે. પ્રધાનમંત્રીના 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને આ એક મોટો ધક્કો સાબિત થશે તે બાબત ચોક્કસ છે. **(રોનક પલાણ સાથે ભવ્ય પોપટ, ધ ડિજિટલ ન્યૂઝ)**

"But in this world nothing can be said to be certain, except Death & Taxes"

- Benjamin Franklin, Political Leader-America

# શું કોરોના સંકટમાં થઈ શકે છે બેન્ક લોનના હપ્તા તથા વ્યાજ માફ???

## દેશની સર્વોચ્ચ અદાલતમા ચાલી રહ્યો છે આ અંગે મહત્વપૂર્ણ કેસ


કોરોના મહામારીના કારણે દેશભરમાં લગભગ ૬૭ દિવસનું સંપૂર્ણ લોકડાઉન રહ્યું હતું. અનલોકની પ્રક્રિયામાં વિવિધ પ્રવૃતિ ચાલુ કરવા ધીમે ધીમે સરકાર દ્વારા પરવાનગી આપવામાં આવી છે. આ લેખ લખાઈ છે ત્યાં સુધી હજુ પણ અમુક પ્રવૃતિઓ જેવીકે સિનેમા ગૃહ, મનોરંજન સ્થળોને શરૂ થવાની પરવાનગી આપવામાં આવી નથી. આ સંપૂર્ણ લોકડાઉનના કારણે લોકોને કોરોના સંક્રમિત થતાં તો ઘણા અંશે બચાવી લેવાયા છે પરંતુ આર્થિક દ્રસ્તીએ દેશનો મોટો વર્ગ સંક્રમિત થઈ ગયો છે તે બાબત ચોક્કસ છે.

કોરોના કાળમાં જો સૌથી વધુ ભોગ કોઈ વર્ગ બન્યો હોય તો તે ભારતીય મધ્યમ વર્ગ છે. ગરીબ લોકોને પણ ગંભીર માઠી અસર પહોચી છે તે બાબત અંગે કોઈ શક નથી. પરંતુ તેમણે સરકાર દ્વારા જે રાહતો આપવામાં આવી તેનો ઉપયોગ કરી તેઓ મહદ્અંશે આ લોકડાઉનનો સામનો કરી શક્યા છે તેવી જમીની પરિસ્થિતી જોવામાં આવી છે. જ્યારે મધ્યમ વર્ગ એક એવો વર્ગ છે કે જેમના ઉપર સરકાર હોય કે વિપક્ષ જોઈએ તેટલું ધ્યાન આપી શક્યા નથી તેવું સમાન્ય રીતે જોઈ શકાય છે. મધ્યમ વર્ગેને કોરોના કાળમાં ખૂબ મોટી મુશ્કેલી પડી છે તે બાબત ચોક્કસ છે.

### લોનના હપ્તા ચૂકવવા છે મુશ્કેલ!!!

આ મુશ્કેલી પૈકી સૌથી મોટી મુશ્કેલી ગણવી હોય તો તે મુશ્કેલી પોતે લીધેલ લોનના હપ્તા સમયસર ભરવા અંગેની ગણી શકાય. એક સર્વે મુજબ, સરેરાશ દરેક મધ્યમ વર્ગીય પરિવાર દીઠ ઓછામાં ઓછી એક લોન હોય છે. મધ્યમ વર્ગીય વ્યક્તિને પોતાની મર્યાદિત આવકમાંથી પોતાના પરિવારનું ભરણ-પોષણ કરવાં, તેમની વિવિધ જરૂરિયાતો પુર્ણ કરવાં ઉપરાંત પોતાના સ્વપનો પૂરા કરવાં લોન લેવાનો વિકલ્પ પસંદ કરવો પડતો હોય છે. ક્યારેક વધુ મહત્વાકાંક્ષાથી પણ જરૂરિયાતથી વધુ લોન લેવાઈ જતી હોવાના દાખલા પણ નજરે જોઈ શકાય છે. કારણ જે હોય તે, પણ લોન લીધા બાદ તેના હપ્તા તથા વ્યાજ સમયસર ચૂકવવા વ્યક્તિએ ખૂબ મહેનત કરવી પડતી હોય છે.

ખાનગી નોકરી કે નાનો ધંધો કરતો વ્યક્તિ માટે સામાન્ય સંજોગોમાં પણ લોનના હપ્તા સમયસર ભરવો પડકારરુપ હોય છે. એમાં આ કોરોના મહામારીના મુશ્કેલ સમયમાં આ હપ્તા ભરવાં તેમના માટે અશક્ય બની ગયા છે. રોજી રોટી પણ કમાવવી જ્યાં ખૂબ મુશ્કેલ હોય ત્યાં COVID-૧૯ની આ વિકટ પરિસ્થિતીમાં આ હપ્તા ભરવાં કોઈ રીતે આ મધ્યમ વર્ગીય વ્યક્તિ માટે શક્ય નથી તે બાબત ચોક્કસ છે. નાના સ્તરે ધંધો કરનાર અને રોજનું રોજ કામનાર ધંધાર્થીના ધંધા બે મહિનાથી વધુ સમય બંધ રહ્યા. આવી રીતે ખાનગી નોકરીઓ કરનાર વ્યક્તિ જેવી કે હોટેલમાં નોકરી કરનાર, ખાનગી શાળાઓમાં શિક્ષક તરીકે કે એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરનાર વ્યક્તિ માટે હાલનો સમય ખૂબ વિકટ સાબિત થઈ રહ્યો છે. હોટેલો ૩ થી ૬ મહિના બંધ રહી છે. શાળાઓ પણ ૬ મહિનાથી બંધ છે. કોરોનાથી લોકોને બચાવવા જે પ્રયાસો થયા તેમાં કોરોનાથી મહદ્અંશે લોકડાઉન દરમ્યાન લોકો બચી કોરોનાની બીમારીથી બચી શક્યા પરંતુ આર્થિક બીમારી ચોક્કસ ઘર કરી ગઈ છે. પગાર ના મળવાના, ઓછો પગાર મળવાના તથા નોકરીમાંથી ઘણા વ્યક્તિઓને આ કોરોના કાળમાં છૂટા કરી દીધા હોવાના સમાચાર અવારનવાર સમાચાર માધ્યમોમાં વાંચવા-જોવા મળે છે. સરકાર હોય કે નોકરી આપનારા આ હોટેલો-શાળા કોલેજો હોય, આ કોરોના કાળમાં સૌની પોતાની મજબૂરી છે.




### બેન્કોની પણ છે પોતાની મજબૂરી

સરકાર હોય કે ખાનગી નોકરી આપનારા હોટેલ, શાળા-કોલેજો તથા લોન લેનાર મધ્યમવર્ગની જેમ મજબૂરી છે તેવીજ રીતે બેન્કોની પણ પોતાની મજબૂરી છે. લોન ઉપર મળતું વ્યાજ એ બેન્કની આવકનો સૌથી મોટો સ્ત્રોત છે. બેન્ક દ્વારા હપ્તા સમયસર ભરાશે એ ગણતરીએ તમામ આર્થિક નિર્ણયો બેન્ક દ્વારા લેવાના થતાં હોય છે. હાલ, અન્ય ક્ષેત્રોની જેમજ બેન્કોને પણ ભયંકર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. લોકડાઉન જાહેર થતાંજ કદાચ સૌપ્રથમ રાહત જો કોઈ આપવામાં આવી હોય તો તે બેન્ક લોનના હપ્તામાં મુદ્દત આપવા માટેની હતી. આ રાહત કોરોનાના કારણે મોટા પ્રમાણમા લોન ધારકોએ હપ્તાના ચૂકવવા બેન્કોને અરજી કરવામાં આવી. આ અરજીકર્તામાં એવો પણ વર્ગ હતો કે જેમને પોતાના ધંધામાં કોવિડના કારણે ફાયદો થયો હતો. આ વર્ગેમાં એવો પણ વર્ગ હતો કે જેમને પગાર સમયસર ચૂકવવામાં આવ્યો હોય અને તે પણ કોઈ જાતના કામ કર્યા વગર!! આ કારણે બેન્કના કામકાજને પણ ખૂબ માંઠી અસર પહોચી છે. લોનના હપ્તાઓ આવવાના બંધ થતાં વ્યાજની આવકમાં મોટા પ્રમાણમા ઘટ આવી છે. જેની સામે જે રોકાણકારોએ ફિક્સ ડિપોઝિટ તથા સેવિંગ ખાતામાં પોતાના નાણાં રાખ્યા છે તેઓને તો બેન્ક દ્વારા વ્યાજ ચૂકવવાનું જ છે. જેમ કોરોના કાળમાં એક સામાન્ય વ્યક્તિએ પોતાના ઘરના કે ધંધાના બે આર્થિક છેડાં ભેગા કરવા મુશ્કેલ છે તેવી જ રીતે બેન્કો માટે પણ પોતાના આવક-ખર્ચના છેડા ભેગા કરવાં ખૂબ મુશ્કેલ પડી રહ્યા છે તેવા અહેવાલો મળી રહ્યા છે. સરકારી બેન્કો તથા ખાનગી બેન્કોની પણ હાલત ખરાબ છે પણ સૌથી વધુ જો ખરાબ હાલત થશે તો તે સહકારી બેન્કોની થશે તેવું આર્થિક તજજ્ઞો માની રહ્યા છે.

### શું લોન ઉપરનું વ્યાજ માફ થઈ શકે છે???

સુપ્રીમ કોર્ટમાં હાલ બેન્કો દ્વારા કોરોના કાળમાં લોકોને રાહત આપવા હપ્તા ૩૧.૦૩.૨૦૨૧ સુધી વિલંબિત કરવાનો આગ્રહ કરતી આગ્રાના ગજેન્દ્ર શર્મા દ્વારા કરવામાં આવેલ જાહેરહિતની અરજી ઉપર સુનાવણી ચાલી રહી છે. આ અરજીમાં આ ઉપરાંત બેન્કો દ્વારા આ ગાળા દરમ્યાન વ્યાજ ના લેવામાં આવે તથા મોડા હપ્તા ચૂકવણી બદલ વ્યાજ ઉપર વ્યાજ ના લેવામાં આવે તે અંગે સુપ્રીમ કોર્ટ RBIને આદેશ કરે તેવી માંગણી કરવામાં આવી છે.

કાયદા નિષ્ણાંતો મને છે કે બેન્કોને આ ગાળા દરમ્યાન વ્યાજ ના લેવા અંગેનો હૂકુમ સર્વોચ્ચ ન્યાયાલય કરે તેવી શક્યતાઓ જૂજ છે. આ પ્રકારના આદેશ થાય તો બેન્કોની હાલત ખૂબ કફોળી બની જાય તેમ છે. હપ્તા મૂલત્વી રાખવાં અંગે આદેશ કરવામાં આવશે તે બાબતની શક્યતા ખૂબ સારી છે. હપ્તા મૂલત્વી રાખવાં બદલ વ્યાજ ઉપર વ્યાજ ના લેવાનો હૂકુમ પણ સર્વોચ્ચ અદાલત દ્વારા કરવામાં આવી શકે છે તેવું પણ જાણકારો માની રહ્યા છે.

### શું છે કેસની સ્થિતિ??

હાલની પરિસ્થિતીએ આ કેસમાં વચગાળાનો હૂકુમ કરી લોનધારકોને હપ્તા ભરવાની મુદ્દત ૩૧ ઓગસ્ટથી વધારી ૩૦ સપ્ટેમ્બર કરી આપવામાં આવી છે. આ ઉપરાંત સરકાર તથા RBI વતી ઉપસ્થિતિ સોલિસિટર જનરલ તુષાર મહેતાને તાકીદ કરવામાં આવેલ છે કે ૨૮ સપ્ટેમ્બરએ આ કેસની છેલ્લી તારીખ રહેશે. સોલિસિટર જનરલ વતી કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી કે સરકાર દ્વારા ઉચ્ચ સ્તરે આ બાબત અંગે વિચારણા થઈ રહી છે અને આ અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. આ કેસની હવે પછીની અને સંભવતઃ છેલ્લી સુનાવણી ૨૮ સપ્ટેમ્બરના રોજ થનાર છે.

### શું કહે છે નિષ્ણાંતો??

આ અંગે ધ ડિજિટલ ન્યૂઝ સાથે વાત કરતાં ધ ઉના પીપલ્સ કો. ઓપ બેન્કના જનરલ મેનેજર હરેશ પેશવાણી જણાવે છે કે કોરોના સંકટના કારણે બેન્કો પણ ખૂબ મુશ્કેલ પરિસ્થિતીમાંથી પસાર થઈ રહી છે. લોકડાઉનના કારણે બેન્કની વ્યાજ તથા બેન્ક ચાર્જની આવક તો ઘટીજ છે પણ હપ્તા ના ભરવાંના કારણે બેન્કોની તરલતા ઉપર પણ ગંભીર અસર પડી છે. જો લોકડાઉન સમયના વ્યાજ અંગે લોનધારકોને મુક્તિ આપવામાં આવે તો બેન્કોને આ ખૂબ મોટું નુકસાન થશે તે ચોક્કસ છે. હા નાની લોન માટે આ પ્રકારની વ્યાજ માફી આપવા અંગેનો રસ્તો કદાચ સરકાર કે RBI લાવી શકે છે તેવું હું માનું છે. આવી રીતે એક ખાનગી બેન્કની બ્રાન્ચમાં ઉચ્ચ હોદ્દા પર રહેલા વ્યક્તિ પોતાનું નામ જાહેરના કરવાની શરતે જણાવે છે કે બેન્કો માટે વ્યાજ માફ કરવું તો શક્યજ ના બને. જો લોનનું વ્યાજ માફ કરવામાં આવે તો થાપણો (ડીપોઝીટ) પરનું વ્યાજ બેન્ક ક્યાંથી ચૂકવી શકે??? આ વ્યાજ માફી માંગતા સમયે એ બાબત જાણવી પણ જરૂરી છે કે બેન્કની મોટા ભાગની મૂડી એ થાપણો દ્વારા મેળવવામાં આવેલ હોય છે. જેના ઉપર બેન્કની પણ વ્યાજ ચૂકવવાની જવાબદારી આવે છે. વ્યાજ ઉપર વ્યાજની જે બાબત છે તો તેમાં હપ્તા મોડા ભરવામાં આવે અને કોઈ વ્યાજ ના લગાડવામાં આવે તો બેન્ક માટે આ મોટું નુકસાન સાબિત થાય. આ ઉપરાંત આમ કરવાથી જે વ્યક્તિને આ લોકડાઉનમાં કોઈ પણ આર્થિક નુકસાન થયું નથી તે પણ હપ્તા મોડા ભરવા પ્રેરાય. જે કોઈ પણ રીતે યોગ્ય ના કહેવાય. હવે વાત કરીએ મોરોટોરિયમ સમય વધારવાનની તો આમ કરવાથી ખૂબ મોટા પ્રમાણમા બેન્કોની તરલતાને નકારાત્મક આસર પડશે. એકંદરે જોઈએ તો આ લાભ લેનાર વર્ગ કરતાં લાંબાગાળે બેન્કોને થનારી મુશ્કેલી જોતાં દેશના સામાન્ય નાગરિકોને (થાપણદારો) મોટા પ્રમાણમા નુકસાન જાય તો નવાઈ નહીં ગણાય.

આ કેસની આગામી સુનાવણી ૨૮ સપ્ટેમ્બરના રોજ છે. લોનધારકો કોરોનના આ મુશ્કેલ સમયમાં દેશની સર્વોચ્ચ અદાલતના આ અંગેના ચુકાદા ઉપર મીટ મંડીને બેઠા છે. સરકાર તથા RBI માટે પણ આ અંગે નિર્ણય લેવો સહેલો નથી કારણકે લાંબાગાળે આ પ્રકારનો લાભ આપવા જતાં બેન્કોને મોટી મુશ્કેલી પડી શકે છે અને આ મુશ્કેલીનો ભોગ સામાન્ય થાપાણદારો જ બને તે બાબતે બેમત નથી. લેખકના અંગત મત મુજબ સુપ્રીમ કોર્ટ દ્વારા વ્યાજ મુક્તિ આપવામાં ના આવે. બેન્કોને અમુક પ્રકારની શરતોને આધીન વ્યાજ ઉપર વ્યાજ ના લેવા તથા મોરેટોરિયમ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી વધારવામાં આવે તેવી પ્રબળ શક્યતા દેખાઈ રહી છે. બેન્ક આ રાહત લોનધારકોને આપે તે બદલ તેમણે RBI દ્વારા મદદ કરવાની જાહેરાત પણ સરકાર કરી શકે છે. આમ, બેન્કનું નુકસાન પણ બચી શકે અને લોકોને રાહત પણ મળી રહે. **(રોનક પલાણ સાથે ભવ્ય પોપટ, ધ ડિજિટલ ન્યૂઝ)**

**Deep Meaning in lesser words...**

**Quick to borrow is always slow to pay...Anonymous**

# GSTR 2Aથી થતાં હતા પરેશાન... હવે આવ્યું છે GSTR 2B..શું છે આ નવું ફોર્મ GSTR 2B???




તા. ૩૧.૦૮.૨૦૨૦: જી.એસ.ટી. પોર્ટલ ઉપર GSTR 2B નામનું નવું ફોર્મ ૨૯ ઓગસ્ટથી આવી ગયું છે. આ સાથેજ શું છે આ ફોર્મ, કેવી રીતે કરશે આ ફોર્મ કામ આ પ્રકારના પ્રશ્નો સોશીયલ મીડિયા પર વાઈરલ થઈ ગયા હતા. ટેક્સ ટુડે દ્વારા આ પ્રશ્નો બાબતે ચર્ચા કરી આ લેખ રજૂ કરવામાં આવ્યો છે.

**૧. શું છે આ GSTR 2B?**
જવાબ: જી.એસ.ટી.આર. 2B એ GSTR 1, GSTR 5 કે જે નોન રેસિડંટ ટેક્સ પેયર દ્વારા ભરવામાં આવે છે તથા GSTR 6 કે જે ઈન્પુટ સર્વિસ પ્રોવાઈડર દ્વારા ભરવામાં આવે છે તેના ઉપરથી ઓટો પોપ્યુલેટ થતું ફોર્મ છે.

**૨. શું GSTR 2 B તમામ કરદાતાઓ માટે જરૂરી રહેશે?**
જવાબ: એડવાઈસરિ પ્રમાણે આ ફોર્મ તમામ કરદાતાઓ માટે રહેશે પણ પ્રેક્ટિકલી કંપોઝીશન સિવાયના કરદાતા માટે આ ફોર્મ રહેશે.

**૩. શું છે ફેર આ GSTR 2A અને GSTR 2B માં?**
જવાબ: GSTR 2A અને 2B વચ્ચે મુખ્ય તફાવત એ છે કે GSTR 2A એ ડાયનેમિક ફોર્મ છે. જ્યારે GSTR 2B એ સ્ટેટિક ફોર્મ છે. કોઈ પણ મહિનાનું GSTR 2A, વેચનારની માહિતી અપલોડ થતાં સતત બદલાઇ શકે છે જ્યારે કોઈ પણ મહિનાનું GSTR 2B જે તે મહિના પછીની ૧૨ તારીખે કરદાતાને મળે તે પછી ક્યારેય બદલાતું નથી.

**૪. કેવી રીતે કરશે આ GSTR 2B કામ? શા માટે મહિના પછીની ૧૨ તારીખે જનરેટ થાય છે આ ફોર્મ?**
જવાબ: આ ફોર્મ જે તે મહિના પછીના મહિનાની ૧૨ તારીખે પોર્ટલ ઉપર કરદાતા માટે મળી શકશે. વેચનાર, નોન રેસિડંટ ટેક્સ પેયર તથા ઈન્પુટ સર્વિસ ડિસ્ટ્રિબ્યુટર દ્વારા ભરવામાં આવેલ ફોર્મ્સ ઉપરથી ઓટો પોપ્યુલેટ થશે. જે તે મહિનાની શરૂઆત થી પછીના મહિનાના ૧૧ તારીખે રાત્રિના ૧૧.૫૯ કલાક સુધી ભરવામાં આવેલ આ ફોર્મ્સ ઉપરથી GSTR 2B તૈયાર થશે. જે માહિનામાં વેચનાર દ્વારા ખરીદનારની વિગતો દર્શાવેલ હશે તે મહિનાના GSTR 2Bમાં આ ખરીદી દેખાશે. ઉદાહરણ તરીકે આ ફોર્મ ભલે જુલાઇ ૨૦૨૦ ના મહિનાથી લાગુ કર્યું પણ કોઈ વેચનારે GSTR 1 માં મે માહિનામાં કરેલ વેચાણ જુલાઇ માં દર્શાવેલ હશે તો ખરીદનારને જુલાઇ ૨૦૨૦ના GSTR 2B માં દર્શાવશે. માસિક જી.એસ.ટી.આર. ૧ ભરવાની છેલ્લી તારીખ જે તે મહિના પછીની ૧૧ તારીખ હોય આ ફોર્મ ૧૨ તારીખે જનરેટ થાય છે.

**૫. શું RCM ની વિગતો પણ મળી શકશે GSTR 2B ઉપરથી?**
જબાવ: ના કરદાતાએ પોતે ભરવાના RCMની વિગતો આ ફોર્મમાં આવશે નહીં, તેની ક્રેડિટ તો મેન્યુલીજ 3Bમાં નાંખવાની રહેશે. પરંતુ GSTR 1 માં જે RCMની વિગતો વેચનાર દ્વારા દર્શાવવામાં આવેલ હોય તે આ ફોર્મમાં ઓટો પોપ્યુલેટ થશે.

**૬. શું આ GSTR 2Bની ક્રેડિટ ઓટોમેટિકલી GSTR 3B માં લઈ લેવામાં આવશે?**
જવાબ: ના, હાલ GSTR 3Bમાં GSTR 2Bની ક્રેડિટ ઓટોમેટિક લઈ લેવામાં આવતી નથી.

**૭. શું આ GSTR 2Bમાં ITC Availableમાં દર્શાવેલ તમામ ખરીદીની ક્રેડિટ લઈ શકાય ને?**
જવાબ: ના, GSTR 2Bમાં દર્શાવવામાં આવેલ તમામ ક્રેડિટ લઈ શકાય એવું નથી. આ ક્રેડિટ ઉપરથી જી.એસ.ટી. કાયદા તથા નિયમોને ધ્યાને રાખી જે ક્રેડિટ મળવાપાત્ર હોય તેજ ક્રેડિટ લઈ શકાય છે.

**૮. શું આ GSTR 2Bમાં ITC Not Availableમાં દર્શાવેલ ખરીદીની ક્રેડિટ લઈ ના શકાય?**
જવાબ: હા, GSTR 2Bમાં દર્શાવેલ ITC Not Availableમાં દર્શાવેલ ક્રેડિટ મળી શકશે નહીં. આ ક્રેડિટમાં મુખ્યત્વે જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬(૪) હેઠળ જે ક્રેડિટ લેવાની સમય મર્યાદા પુર્ણ થઈ ગઇ હોય તેવા ઇંવોઇસ તથા ડેબિટ નોટ તથા જે ઇંવોઇસમાં ખરીદનાર તથા વેચનારની પ્લેસ ઓફ સપ્લાય એકજ રાજયમાં હોય અને ખરીદનારનું રાજ્ય જ્યારે અલગ હોય તેવા ઇંવોઇસ કે ડેબિટ નોટનો સમાવેશ થશે.

**૯. શું GSTR 2B ફોર્મ TDS-TCS ક્રેડિટના ફોર્મની જેમ દર મહિને ફાઈલ કરવાનું રહે કે GSTR 2B ની જેમ માંત્ર જોવાનું રહે?**
જવાબ: GSTR 2B ફોર્મ એ માત્ર જોવા માટે છે. હાલ આ ફોર્મ ફાઈલ કરવાનું રહેતું નથી.

ઉપરોક્ત જવાબો ટેક્સ ટુડે એક્સપર્ટસની ઓનલાઈન મિટિંગ ઉપરથી તૈયાર કરવામાં આવ્યા છે. આ અંગે આપના પ્રશ્નો આપ taxtodayuna@gmail.com ઉપર મોકલી શકો છો.

## ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ તથા પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો ગુજરાત દ્વારા

# ‘ફેઈસલેસ એસેસમેંટ’ની સમજણ આપવા યોજાયો વેબીનાર

### ઈન્કમ ટેક્સ પ્રિન્સિપાલ ચીફ કમિશ્નર છવિ અનુપમ તથા PIBના A D G ડૉ. ધીરજ કાકડિયા રહ્યા ખાસ હાજર

તા. ૨૯.૦૮.૨૦૨૦: પ્રધાનમંત્રી મોદીજી દ્વારા ૧૩ ઓગસ્ટના રોજ ઈન્કમ ટેક્સની આકારણીની પદ્ધતિમાં આમૂલ પરીવર્તન લાવવા ‘ફેઈસલેસ એસેસમેન્ટ’ પદ્ધતિને સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવી હતી. આ નવી પદ્ધતિનો યોગ્ય પ્રચાર-પ્રસાર થાય તે હેતુથી પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરોના રિજિનલ આઉટરિચ બ્યૂરો તથા ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા સંયુક્ત પણે સૌરાષ્ટ્ર વિસ્તાર માટે વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટના પ્રિન્સિપાલ ચીફ કમિશ્નર છવિ અનુપમ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ખાસ જણાવ્યુ હતું કે આ સ્કીમ લાગુ કરવાં પાછળના હેતુને સરદાર પટેલના ‘યુનાઈટેડ ઈન્ડિયા’ સાથે સરખાવી શકાય. સરદાર પટેલ માટે ‘યુનિટી ઓફ ઈન્ડિયા’ એક મિશન હતું જ્યારે પ્રધાનમંત્રી માટે ‘પાવરફૂલ ઈન્ડિયા’ એ એક ‘ડ્રીમ’ મિશન છે. તેમણે ઉમેર્યું હતું કે ‘ફેઈસલેસ એસેસમેન્ટ’ એ ભારતની ઈન્કમ ટેક્સ સિસ્ટમને નવી ઊંચાઈએ લઈ જશે તે વાત ચોક્કસ છે. ઈન્કમ ટેસ્ક ડિપાર્ટમેંટના વરિષ્ઠ અધિકારી શ્રી રાજ ટંડનજી દ્વારા આ સ્કીમ અંગે પાવર પોઈન્ટ ઉપર સરળ ભાષામાં પ્રેઝનટેશન આવ્યું હતું. ‘ઓનરિંગ ધ ઓનેસ્ટ’ અભિગમ અંગે પણ તેઓએ સમજ આપી હતી.

સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી ઈન્કમ ટેક્સના તજજ્ઞો એવા રાજકોટના વરિષ્ઠ ટેક્સ કન્સલ્ટન્ટ રણજીત લાલચંદાણી, જૂનાગઢનાં વરિષ્ઠ ટેક્સ એડવોકેટ કલ્પેશ રુપારેલિયા, રાજકોટના જાણીતા ચાર્ટર્ડ એકાઉનટંટ મેહુલ રાનપુરા તથા ઉનાના ટેક્સ એડવોકેટ અને ટેક્સ ટુડેના એડિટર ભવ્ય પોપટને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તથા પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરો દ્વારા આ વેબિનારમાં વક્તવ્ય આપવા આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ તમામ ટેક્સ પ્રેક્ટિસ સાથે જોડાયેલ વ્યક્તિઓએ એક સૂરમાં આ નવી આકારણી પદ્ધતિને આવકારી હતી. આ સાથે તમામ ટેક્સ પ્રેકટિશનરોએ જમીની સ્તરે પડી શકે તેવી મુશ્કલીની રજૂઆત પણ ઈન્કમ ટેક્સ ખાતાના અધિકારીઓને કરી હતી. અમુક રજૂઆતો બાબતે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા તુરંત સમાધાન રજૂ કરવામાં આવ્યું હતું, જ્યારે અમુક રજૂઆતો ઉપર સમાધાન લાવવા પ્રયાસો કરવા ખાતાના વરિષ્ઠ અધિકારીઓ એ આશ્વાસન આપ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરોના ફિલ્ડ પબ્લિસિટી ઓફિસર દેવેન્દ્ર ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. વેબીનારને સફળ બનાવવા પ્રેસ ઈન્ફોર્મેશન બ્યૂરોના ADG ડો. ધીરજ કાકડિયાજીએ ખાસ જહેમત ઉઠાવી હતી. આ વેબીનારને સફળ બનાવવા જુનાગઢના જોઈન્ટ કમિશ્નર શ્રી અરવિંદ સોનટકેજી નો પણ આયોજકો દ્વારા આભાર માનવમાં આવ્યો હતો.

**(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)**


## આ સમગ્ર વેબીનાર ઓનલાઈન જોવા માટે નીચેની લીક ક્લિક કરવા વિનંતી.

https://twitter.com/PIBAhmedabad/status/1299233212560941057




# શું સરકાર દ્વારા જી.એસ.ટી. માટેની લિમિટ વધારવામાં આવી છે????

## નાણાં મંત્રાલયના ટ્વિટના કારણે ઊભી થઈ છે ગેરસમજણ!!




તા. ૨૪.૦૮.૨૦૨૦:નાણામંત્રાલય દ્વારા ૨૪ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ એક ટ્વિટ કરવામાં આવ્યું હતું અને તેમાં જણાવવામાં આવ્યું હતું કે જી.એસ.ટી. માટેની ટર્નઓવર લિમિટ હવેથી ૪૦ લાખ કરવામાં આવી છે. આ ટ્વિટના કારણે મોટી ગેરસમજણ ઊભી થઈ હોવાના અહેવાલો મળી રહ્યા છે. હકીકતે જી.એસ.ટી. હેઠળ માત્ર માલના વેચાણ સાથે જોડાયેલ કરદાતાની લિમિટ અગાઉ પણ ૪૦ લાખ કરી આપવામાં આવી હતી. પરંતુ આજે જ્યારે મિનિસ્ટ્રી ઓફ ફાઈનન્સ દ્વારા આ ટ્વિટ કરવાંમાં આવ્યું ત્યારે ઘણા મોટા મીડિયા હાઉસ દ્વારા પણ આ ન્યૂઝને બ્રેકિંગ ન્યૂઝ તરીકે દર્શાવવામાં આવ્યુ હતું. આ સમાચારોના કારણે ટેક્સ પ્રેકટિશનરોમાં પણ આ બાબત ચર્ચાનો વિષય બની હતી કે આ ટ્વિટ દ્વારા આજે શું નવી જાહેરાત કરવામાં આવેલ છે??? શું સર્વિસ માટે પણ લિમિટ વધારવામાં આવી છે??? ટેક્સ ટુડે માને છે કે હાલ કોઈ ફેરફાર જી.એસ.ટી. ના ટર્નઓવરની મર્યાદામાં કરવામાં આવ્યો નથી. સ્વર્ગસ્થ નાણાં મંત્રી અરુણ જેટલીજીની પ્રથમ પુણ્યતિથી નિમિતે જી.એસ.ટી. લાગુ કરવામાં તેમની ઉપલબ્ધિ દર્શાવવા આજે જાહેરાતો કરવામાં આવી છે.

**(ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે)**

# ઇ વે બિલમાં ટેક્સની રકમ ના લખેલી હોય તો પણ માલ ‘ડિટેઇન’ કરવો છે અયોગ્ય: કેરેલા હાઇકોર્ટ

M S સ્ટીલ એન્ડ પાઈપ્સ: W.P. (C) No 16356/2020 ચુકાદા તા. ૧૨ ઓગસ્ટ ૨૦૨૦

- કરદાતા દ્વારા જી.એસ.ટી. કાયદા હેઠળ ટેક્સ ઇંવોઇસ બનાવેલ હતું.
- કરદાતા દ્વારા ઇ વે બિલ પણ બનાવવામાં આવ્યું હતું પરંતુ ઇ વે બિલમાં ટેક્સની રકમ અલગ દર્શાવેલ ના હતી.
- અધિકારી દ્વારા માત્ર આ કારણથી કરદાતાનો માલ ‘‘ડિટેઇન‘‘ કરવામાં આવ્યો હતો.
- કરદાતાએ અધિકારીના ઓર્ડર સામે હાઇ કોર્ટમાં રિટ પિટિશન કરી હતી.
- કરદાતા તરફેના વકીલની મુખ્ય દલીલ એ હતી કે ઇ વે બિલમાં ટેક્સ અલગ દર્શાવવો ફરજિયાત નથી. માલ સાથે ટેક્સ ઇંવોઇસ તથા ઇ વે બિલ બંને હતું.
- સરકાર તરફે દલીલ કરવામાં આવી હતી જી.એસ.ટી. કાયદાની કલમ ૩૩ હેઠળ ટેક્સ અલગ બતાવવો ફરજિયાત છે. કલમ ૩૩ નો ભંગ થતો હોય માલ ‘‘ડિટેઇન‘‘ કરવો યોગ્ય છે.
- માનનીય કેરેલા હાઇકોર્ટ દ્વારા ચુકાદો આપી જાહેર કરવામાં આવ્યું હતું કે જી.એસ.ટી. કાયદાની કલમ ૧૨૯ માત્ર એ કારણે લાગુ ના થાય કે, ઇ વે બિલમાં ટેક્સ અલગ દર્શાવવામાં નથી આવ્યો. કલમ ૧૨૯ હેઠળ માલ ‘‘ડીટેઇન‘‘ કરવા ટેક્સ ઇંવોઇસ કે ઇ વે બિલ ના હોય તે જરૂરી છે. આમ, કરદાતાનો માલ રીલીઝ કરવા કેરેલા હાઇકોર્ટ આદેશ કર્યો હતો.

**(ચુકાદા અંગેનું અર્થઘટન એ લેખક, ભવ્ય ડી. પોપટ નું અંગત અર્થઘટન છે)**

## અન્ય વિકલ્પ હોવા છતાં કુદરતી ન્યાયના સિદ્ધાંતો બાબતની રિટ પિટિશન માટે માનનીય ગુજરાત હાઈકોર્ટે કહ્યું: માત્ર ન્યાય કરવામાં આવે તે જરૂરી નથી પણ ખરેખર ન્યાય થયો છે તે લાગવું પણ છે જરૂરી

# વિવા ટ્રેડકોમ વી. સ્ટેટ ઓફ ગુજરાત

સલગ્ન કાયદો: ગુજરાત વેલ્યૂ એડેડ ટેક્સ એક્ટ, ૨૦૦૩
ચુકાદો આપનાર ફોરમ: ગુજરાત હાઇકોર્ટ
માનનીય જજ: શ્રી વિક્રમનાથ તથા જે. બી. પારડીવાલા
વેપારી વતી વકીલ: એડવોકેટ કુંતલ એ પરિખ,
સરકાર વતી: મનીષા લવકુમાર શહ

**કેસની હકીકતો:**

- વેપારી કાપડના ઉત્પાદનની તથા વેચાણની પ્રવૃતિઓ કરતાં હતા.
- તેઓ ગુજરાત વેટ હેઠળ નોંધાયેલ હતા.
- તેઓની ૨૦૧૫ ૧૬ ની આકારણી હાથ ધરવામાં આવી હતી.
- આકારણી દરમ્યાન કરદાતા દ્વારા કરવામાં આવેલ રદ થયેલ નોંધણી નંબર વાળા વેપારીઓની ખરીદી હતી જે નામંજૂર કરવામાં આવી હતી.
- તેના ઉપર ૫૬,૧૨,૯૮૮/- નું માંગણું ઉપસ્થિત કરવામાં આવ્યું હતું જેમાં ટેક્સ ઉપર ૧૫૦% લેખે પેનલ્ટીના, ૨૬,૧૪,૭૪૬/-નો સમાવેશ થતો હતો. આ આકારણી આદેશ ૧૮ માર્ચ ૨૦૨૦ ના રોજ પસાર કરવામાં આવ્યો હતો.

**વેપારી તરફે રજૂઆત:**

- વેપારી તરફે રજૂઆત કરવામાં આવેલ હતી કે તેમને ડિપાર્ટમેંટ દ્વારા જે ડીલરના નંબર રદ થવાથી ઉમેરો કરેલ છે, તે અંગે ની વિગતો વેપારીને આપવામાં આવેલ ન હતી.
- વેપારીને આ ડિલરોની ઊલટ તપાસ કરવાનો મોકો આપવામાં આવ્યો નથી.
- વેપારીએ પોતાના સમર્થનમાં ગુજરાત હાઇ કોર્ટનો કેસ B K ટ્રેડર્સ VS ગુજરાત રાજ્ય તથા શ્રી ભૈરવ મેટલ કોર્પોરેશન દ્દત ગુજરાત રાજ્ય, રજૂ કરવામાં આવ્યા હતા.

**સરકાર તરફે રજુઆત:**

- વેપારી પાસે હાઇકોર્ટમાં રીટ પિટિશન કરવા સિવાય પણ અપીલ સહિતના અન્ય વિકલ્પો હોય રિટ પિટિશન ના દાખલ કરવામાં આવે.
- વેપારીને ૧૭ માર્ચના રોજ, જે ખરીદીઓ નોંધણી દાખલો રદ થયેલ વેપારીઓની છે તેમની તમામ વિગતો આપવામાં આવી હતી.
- વેપારી દ્વારા રજૂ કરવામાં આવેલ બન્ને કેસોના તથ્યો અલગ છે. આ કેસને ઉપર જણાવેલ કેસો લાગુ પડે નહીં.

**કોર્ટનો ચુકાદો:**

- આ કેસના પ્રશ્નો B K Traders તથા શ્રી ભૈરવ મેટલ કોર્પોરેશનના ચૂકાદા જેવાજ છે.
- વેપારી પાસે અન્ય અપિલના વિકલ્પો હોવા છતાં રિટ પિટિશન ચલાવવી આ કેસમાં જરૂરી છે.
- કરદાતાને નોંધણી દાખલો રદ થયેલા વેપારીઓની વિગતો ૧૭ માર્ચના રોજ આપી ૧૮ માર્ચના રોજ ઓર્ડર કરવામાં આવ્યો છે જે યોગ્ય ના ગણાય.
- આમ, ૧૮ માર્ચ ૨૦૨૦ ના રોજ કરવામાં આવેલ આદેશ રદ કરવામાં આવે છે.
- ડિપાર્ટમેંટને કેસ ફરી રિમાન્ડ કરવામાં આવે છે.
- બે અઠવાડીયામાં વેપારીએ વધારાના પુરવારો રજૂ કરવાના રહેશે.
- ડિપાર્ટમેંટ દ્વારા ત્રણ માહિનામાં નવો આદેશ કરવામાં આવે તે ઇચ્છનીય છે.

## The Digital News



# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

**અમારા એક અસીલના ધંધાના સ્થળે જુલાઈ ૧૯માં આગ લાગવાથી કપાસનો અંદાજે ૨૨ લાખનો સ્ટોક નાશ પામેલ છે. આ માલમાં મહદંશે URD રિવર્સ ચાર્જને પાત્ર ખરીદીનો સ્ટોક હતો. આ સ્ટોક ઉપર ખરીદી સમયે ૯(૩)નો કપાસ ઉપર RCM ટેક્સ ભરીને ક્રેડિટ મજરે લીધેલ. આ માલ નો ઈન્સ્યોરેન્સ હોય ક્લેમ કરેલ ઈન્સ્યોરેન્સ કંપની એ ૧૭ લાખ મંજુર કરી અમારા અસીલને એપ્રિલ ૨૦ માં ચેક આપેલ છે. તો હવે અમારા અસીલની GST ક્રેડીટ રીવર્સ કરવા અંગેની કોઈ જવાબદારી આવે કે કેમ? જો હા તો કેટલી ક્રેડીટ રીવર્સ કરવાની થાય અને કઈ રીતે? – ધર્મેશ પરમાર, જુનાગઢ**

જવાબઃ હા, તમારા અસિલે પૂરે પૂરા ૨૨ લાખના કપાસ ઉપર લીધેલી ક્રેડિટ રિવર્સ કરવાની થાય. ઈન્સ્યોરન્સની રકમ ઉપર કોઈ ટેક્સ ભરવાનો આવે નહીં. આ ક્રેડિટ જી.એસ.ટી. કાયદાની ૧૭(૫)(h) હેઠળ ક્રેડિટ રિવર્સ કરવાની થાય.

**અમારા અસીલ એગ્રો વેસ્ટ (સાંઠી, ડાંગરની સેતરી, મગફળીની ફોતરી) ખરીદ કરી એજ વસ્તુનું વેચાણ કરીએ છીએ. શું આ એગ્રો વેસ્ટ કરપાત્ર બને? – નીલમ પરમાર, અમદાવાદ**

જવાબઃ અમારા મતે એગ્રો વેસ્ટ જેવી કોઈ સયુક્ત એન્ટ્રી ના ગણી શકાય. દરેક HSN પ્રમાણે વસ્તુના દર નક્કી કરવાના રહે. આપે જણાવેલ છે તે વસ્તુમાં મગફળીની ફોતરી કરપાત્ર બને તેવો અમારો મત છે. સાંઠી, ડાંગરની સેતરીના ચીજવસ્તુની વિગતો જાણવી જરૂરી છે.

**અમારા અસીલ કરમુક્ત વસ્તુનું વેચાણ કરીએ છીએ. અમારા વેચાણ બિલમાં સાથે ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ ઉમેરે છે. શું આ ટ્રાન્સપોર્ટેશન ઉપર જી.એસ.ટી. ઉઘરાવવાનો રહે? આ ટ્રાન્સપોર્ટેશનનું પેમેન્ટ અમારા અસીલ (વેચનાર) કરતાં હોય છે. તો શું તેઓ રેસિપીયંટ ગણાય અને રિવર્સ ચાર્જ મુજબ જી.એસ.ટી. ભરવા પાત્ર ગણાય? – નીલમ પરમાર, અમદાવાદ**

જવાબઃ જ્યારે બિલમાં ટ્રાન્સપોર્ટેશનની રકમ બિલમાં ઉમેરવામાં આવી હોય ત્યારે આ કંપોઝીટ સર્વિસ બને. માલનો જે દર હોય તે દર ઉપરજ ટ્રાન્સપોર્ટેશન ઉપર પણ જી.એસ.ટી. લાગે. આ ટ્રાન્સપોર્ટેશનનું પેમેન્ટ જ્યારે તમારા અસીલ (વેચનાર) ટ્રાન્સપોર્ટરને કરે ત્યારે RCMની જવાબદારી આવે તેવો અમારો મત છે.

**જી.એસ.ટી. નોંધણી દાખલા માટે વેરિફિકેશન કરવા આધાર OTP, ૨૧ ઓગસ્ટ ૨૦૨૦ થી જરૂરી બનાવવામાં આવ્યા છે. જો કોઈ કરદાતાનો મોબાઈલ નંબર આધાર સાથે રજિસ્ટર્ડ ના હોય તો તેઓએ શું વિધિ કરવાની રહે? – એક વેપારી, દીવ**

જવાબઃ ૨૧ ઓગસ્ટ ૨૦૨૦ થી આધાર OTPથી વેરિફિકેશન ફરજિયાત બનાવવામાં આવ્યા છે. જે કરદાતા આધાર વડે વેરિફિકેશનના કરી શકે તેમના મતે હાલ જે EVCની પદ્ધતિ છે તે ચાલુ રહેશે. પણ આવા કરદાતાને નોંધણી દાખલો માત્ર જગ્યાની સ્પોટ વિઝિટ કરી ત્યાર બાદજ આપવામાં આવશે. કરદાતા પોતાના મોબાઈલ નંબર આધારમાં ઉમેરી અરજી કરે તે હિતાવહ છે.

**અમારા અસીલ માલિકી ધોરણે જી.એસ.ટી. નંબર ધરાવે છે. હવે તેઓ પોતાની ૧૦ વર્ષ પૂર્વે ખરીદેલ જમીન ઉપર દુકાનો બનાવે છે. આ દુકાનોનું બાંધકામ શરૂ છે. હજુ સુધી કોઈ પણ એડ્વાન્સ લેવામાં આવેલ નથી. આ અંગે જી.એસ.ટી. ની જવાબદારી અંગે માર્ગદર્શન આપવા વિનંતી. – શાહિદભાઈ, એકાઉન્ટન્ટ, પાલનપુર**

જવાબઃ તમારા અસીલ માલિકી ધોરણે જી.એસ.ટી. નંબર ધરાવતા હોય તેઓએ કરેલ દુકાન વેચાણ GST રિટર્નમાં દર્શાવવું રહે. જો એડવાન્સ લેવામાં ના આવે તો આ વેચાણ નોન જી.એસ.ટી. સેલ્સના ગણાય. સંપૂર્ણ ટેક્સ પ્લાનિંગ અંગેનો પ્રશ્ન હોય વધુ વિગતો આપવામાં આવે તો વ્યાવસાયિક સલાહ આપી શકાય.

**અમે ખેતી વિષયક માલનું એક્સપોર્ટનું કામકાજ કરીએ છીએ. આ એક્સપોર્ટ માટે અમારે ક્યારેક વિદેશી વ્યક્તિઓને કમિશન ચૂકવવું પડતું હોય છે. શું આ કમિશન ઉપર જી.એસ.ટી.ની જવાબદારી આવે? – આનંદ રામાણી, એક્સપોર્ટર**

જવાબઃ ના, આ કિસ્સામાં જી.એસ.ટી.ની જવાબદારી આવે નહીં. આ સેવા ઈન્ટરમીડીયેટ સર્વિસ ગણાય, જેમાં આઈ. જી.એસ.ટી. કાયદાની કલમ ૧૩(૮)(b) મુજબ પ્લેસ ઓફ સપ્લાય એ લોકેશન ઓફ સપ્લાયર ગણાય. આ કિસ્સામાં પ્લેસ ઓફ સપ્લાય અને લોકેશન ઓફ સપ્લાયર બંન્ને નોન ટેક્સેબીલ ટેરેટરીમાં હોય જી.એસ.ટી.ની કોઈ જવાબદારી ના આવે તેવો અમારો મત છે.

**અમારા અસીલ સિવિલ કન્સ્ટ્રક્શનનું કામ કરે છે. તેઓ મકાન બનાવવાનું કામ માલ તથા મજૂરી સાથે રાખે છે. આ કોન્ટ્રાક્ટ માટે ખરીદેલ સિમેન્ટ, રેતી, કલર, લોખંડ વગેરેની ક્રેડિટ તેમને મળી શકે? આ પ્રકારના કોન્ટ્રાક્ટમાં કેટલા દરે જી.એસ.ટી. લાગે?**

**– હિત લિંબાણી, કચ્છ**

જવાબઃ મકાન બનાવવાના કામ માલ કે મજૂરી સાથે કામ રાખવામા આવે ત્યારે સિમેન્ટ, રેતી, કલર, લોખંડ ની ક્રેડિટ મળે. આ પ્રકારના કોન્ટ્રાક્ટ ઉપર ૧૮% ના દરે જી.એસ.ટી. લાગે તેવો અમારો મત છે. જો એફોરડેબલ હાઉસિંગ માટેના કોન્ટ્રાક્ટ હોય તો ૧૨% ના રાહતકારક દર નો લાભ મળે તેવો અમારો મત છે.

**મારો પ્રશ્ન જી.એસ.ટી. ઓડિટ તથા ટેક્સ ઓડિટની એક બીજાની સલગ્ન અસર પરનો છે. ધારોકે કોઈ એક નાણાકીય વર્ષમાં ૩૧ માર્ચના રોજ 3B (ચોપડા મુજબ) મુજબની ક્રેડિટ કરતાં 2Aમાં ઓછી ક્રેડિટ દર્શાવે છે. આવા સંજોગોમાં નીચેની પરિસ્થિતીમાં ઈન્કમ ટેક્સ ઓડિટમાં શું અસર આપવાની રહે? જો ૦૧ એપ્રિલથી ટેક્સ ઓડિટ રિપોર્ટ ફાઈલ થયા સુધી આ ખૂટતી ક્રેડિટ 2Aમાં આવી જાય તો? જો ૦૧ એપ્રિલથી ટેક્સ ઓડિટ રિપોર્ટ ફાઈલ થયા સુધી ખૂટતી ક્રેડિટ 2Aમાં ના આવે તો?**

**– ભાર્ગવ ગણાત્રા, CA સ્ટુડન્ટ, રાજકોટ**

જવાબઃ સૌપ્રથમ ઈન્કમ ટેક્સની વાત કરીએ તો જો કરદાતા પાસે યોગ્ય ઈંવોઈસ હોય તો ઈન્કમ ટેક્સ હેઠળ એ ઈંવોઈસ અસ્વીકાર કરવાનો કોઈ પ્રશ્ન ના ઉદ્દભવે. 2Aમાં ના દર્શાવેલ ઈંવોઈસ ખર્ચ તરીકે બાદ લેવામાં કોઈ બાધ ના નડે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા માત્ર વધુ તકેદારી રાખવી હોય તો આ બિલોની ક્રેડિટ પ્રોવિઝનલ રિવર્સ કરવા કરદાતાને સૂચન કરી શકે છે. તમારા બન્ને પરિસ્થિતીના જવાબોનો સમાવેશ ઉપરના જવાબમાં કરવામાં આવ્યો છે.

**મે ૨૦૧૭ ૧૮ ની અમુક ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ૨૦૧૮ ૧૯માં લીધેલ છે. આ ક્રેડિટ અમે ૨૦૧૭ ૧૮ ના વાર્ષિક રિટર્નમાં દર્શાવેલ છે. શું ૨૦૧૮ ૧૯ના વાર્ષિક રીટર્નમાં આ ક્રેડિટ દર્શાવવી પડે? હા તો ક્યાં કોલમમાં? – અજય પૂજારા, વેપારી, અમદાવાદ**

જવાબઃ અમારા મત મુજબ ૨૦૧૭-૧૮ની ક્રેડિટ જે ૨૦૧૮-૧૯માં લીધેલ છે તેનો ઉલ્લેખ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના GSTR 9માં કરવાનો રહે નહીં. જો કરદાતા GSTR 9C ભરવા પાત્ર હોય તો આ અંગે રિકનસીલેશન ઓડિટર દ્વારા બનાવી અપલોડ કરવું જોઈએ.

**અમારા એક અસીલ શેર બ્રોકર છે. તેઓ NSE અને BSEમાં નોંધાયેલ છે. શું તેઓનું ટર્નઓવર ૨૦ લાખથી વધે તો જ તેઓએ જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો લેવો પડે કે એજન્ટ તરીકે કોઈ પણ ટર્નઓવરની મર્યાદા વગર જી.એસ.ઈ. કાયદાની કલમ ૨૪ હેઠળ નોંધણી મેળવવી પડે? જો નોંધણી મેળવવી પડે તો હાલ સુધી નોંધણી નંબરના મેળવવાના કારણે શું જવાબદારી આવે? – નીરવ જિંજુવાડિયા, ટેક્સ કન્સલ્ટન્ટ, અમરેલી**




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
**CA મોનીષ શાહ, અમદાવાદ**
**એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર**
**CA દિવ્યેશ સોઢા, પોરબંદર**
**એડવોકેટ ભવ્ય પોપટ**

જવાબઃ હા, શેર બ્રોકર-સબ બ્રોકર એ સ્ટોક એક્સચેન્જ-સ્ટોક બ્રોકર તથા ગ્રાહક બન્નેને સેવા પૂરી પડે છે. જી.એસ.ટી. કાયદા હેઠળ તેઓ એજન્ટ ગણાય અને આ કાયદાની કલમ ૨૪(vii) મુજબ એજન્ટ તરીકે ફરજિયાત નોંધણી દાખલો મેળવવા જવાબદાર બને. હાલ સુધી જી.એસ.ટી. નોંધણી દાખલો મેળવવામાં ના આવ્યો હોય તો બિનનોંધાયેલ સમયની આકારણી થાય અને તેને લગતા વ્યાજ-દંડની જવાબદારી આવે. આ ઉપરાંત ખરીદી કે ઈન્પુટ સર્વિસની ક્રેડિટ મળવાપાત્ર થાય નહીં.

**મારો પ્રશ્ન જી.એસ.ટી. હેઠળની માર્જિનલ સ્કીમ અંગે છે. નિયમ ૩૨(૫) હેઠળ માર્જિનલ સ્કીમ હેઠળ કેપિટલ ગુડ્સ માટે વેરો ભરવાનો વિકલ્પ પસંદ કરવામાં આવે ત્યારે શું કરદાતા ખરીદનારને ટેક્સ ઈંવોઈસ આપી શકે? – સરંખાવાલા એસોસીએટ્સ, વડોદરા**

જવાબઃ જી.એસ.ટી. નિયમોના નિયમ ૩૨(૫) હેઠળ માર્જિનલ સ્કીમ માત્ર સેકન્ડ હેન્ડ ગુડ્સ ના ટેક્સ પેયર માટે છે. અન્ય ટેક્સ પેયર માટે આ માર્જિનલ સ્કીમ માત્ર મોટર કાર માટે લઈ શકાય છે. આવા કિસ્સામાં ટેક્સ ઈંવોઈસ આપવું જરૂરી છે તેવો અમારો મત છે.

**અમારા અસીલ બિયારણ (કરમુક્ત) ના વેપારી છે. તેઓનું ૦૧ ૦૪ ૨૦૧૯ થી ૩૦ ૦૯ ૨૦૧૯ સુધીનું વેચાણ ૧ કરોડ હતું. ત્યાર બાદ ૦૧ ઓક્ટોબરથી તેઓએ મરજિયાત ધોરણે નોંધણી દાખલો મેળવેલ છે. ૦૧ ઓક્ટોબર થી ૩૧ માર્ચ સુધીનું તેમનું ટર્નઓવર ૫૦ લાખનું છે. મારો પ્રશ્ન એ છે કે વાર્ષિક રિટર્ન ભરવામાં જી.એસ.ટી. નોંધણી પહેલાનું જે ૧ કરોડ નું ટર્નઓવર છે તે દર્શાવવાનું રહે? – નીલમ પરમાર, અમદાવાદ**

જવાબઃ ના, વાર્ષિક રિટર્ન ભરવાની જવાબદારી નોંધણી દાખલો આવે ત્યારથીજ ઊભી થાય છે. આમ, નોંધણી નંબર મેળવ્યા પહેલાનું ટર્નઓવર વાર્ષિક રિટર્નમાં દર્શાવવા નું રહે નહીં તેવો અમારો મત છે.

**મારા અસીલ એગ્રીકલ્ચર જમીન ડેવલપમેન્ટ કરવાના કોન્ટ્રાક્ટનુ કામ કરે છે જેમાં એગ્રીકલ્ચર જમીનના મૂળ માલિક માટે જમીન સમતળ બનાવી બાગાયત પાકના રોપા જેમકે ખારેક, દાડમ વી. ખરીદી અને પ્લાન્ટ કરી તેમજ બાઉન્ડ્રી વગેરે જેવા કામ કરી જમીન તૈયાર કરીને મૂળ માલિકને સોપે છે જમીન તૈયાર કરવાના કોન્ટ્રાક્ટ ની રકમ મૂળ માલિક પાસેથી વસૂલે છે મારો પ્રશ્ન એ છે આ કોન્ટ્રાક્ટ ઉપર જીએસટી લાગે?**

જવાબઃ ના, આ પ્રકારની સેવા જી.એસ.ટી. રેઈટ નોટિફિકેશન ૧૨/૨૦૧૭, તા. ૨૮.૦૬.૨૦૧૭ મુજબ NIL રેટેડ ગણાશે અને કોઈ જી.એસ.ટી. ની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

**અમારા અસીલને કે જેઓ FMCG પ્રોડક્ટના ડીલર છે, તેમની કંપની તરફથી એક સ્કીમ ચલાવવામાં આવી હતી. આ સ્કીમમાં તેમણે એક કૂપન લાગ્યું છે. આ કૂપનનું મૂલ્ય ૩૧૦૦૦/- નું છે. આ રકમ બેંકમાં જમા થયેલ છે. શું આ કૂપનની રકમ ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે?**

**– નીલમ પરમાર, અમદાવાદ**

જવાબઃ ના, અમારા માટે રોકડ રૂપે કે રોકડ સ્વરૂપે બેન્કમાં મળતી ગિફ્ટ જી.એસ.ટી. કાયદા હેઠળ સપ્લાય ગણાય નહીં. આના ઉપર કોઈ જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે.

## ઈન્કમ ટેક્સ

**શું કોઈ લેણદાર તથા દેણદાર એકબીજાને અનસિક્યોર્ડ લોન આપી શકે? આ અંગે ઓડિટમાં કોઈ પ્રશ્ન ઊભો થાય?**

**– હિત લિંબાણી, કચ્છ**

જવાબઃ હા, લેણદાર તથા દેવેદાર એક બીજાને અનસિક્યોર્ડ લોન આપી શકે. તે અંગે અમારા માટે કોઈ પ્રશ્ન ઓડિટમાં આવે નહીં તેવું અમારું મંતવ્ય છે. અમારા મતે જો લેણદાર અને દેણદાર ના ખાતા સરભર થઈ જાય તો ૨૬૯ SS અને ૨૬૯Tની પેનલ્ટી આવી શકે છે.

**અમે ખેતી વિષયક માલનું એક્સપોર્ટનું કામકાજ કરીએ છીએ. આ એક્સપોર્ટ માટે અમારે ક્યારેક વિદેશી વ્યક્તિઓને કમિશન ચૂકવવું પડતું હોય છે. શું આ કમિશન ખર્ચ ઈન્કમ ટેક્સ હેઠળ બાદ મળી શકે? – આનંદ રામાણી, એક્સપોર્ટર**

જવાબઃ હા, વિદેશી વ્યક્તિને ચૂકવવામાં આવેલ કમિશન ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ ધંધાકીય ખર્ચ તરીકે બાદ મળે.

**અમારા અસિલે ૨૦૦૫ માં રહેણાકનો પ્લોટ ખરીદી કરેલ હતો. આ પ્લોટ ચોપડે લેવાનું રહી ગયું હતું. આ પ્લોટ શું હવે ચોપડે લઈ શકાય? લઈ શકાય તો કઈ કિમતે ચોપડે નોંધવું જોઈએ?**

**– નરેશ હીરાલાલ ઠક્કર**

જવાબઃ ૨૦૦૫ માં ખરીદેલ પ્લોટ હવે મૂડી ખાતે જમા કરી ચોપડે નોંધી શકાય છે. ચોપડે પડતર કિમતે નોંધવી જરૂરી છે.

**મારા અસીલ શેર માર્કેટમાં શોર્ટટર્મે ડીલેવરી બેઝ ટ્રેડિંગ કરે છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં આશરે ૫૦૦ જેટલી સ્ક્રીપ્ટનું ડિલિવરી બેઝ ટ્રેડિંગ કર્યું હતું. તો આ ૫૦૦ સ્ક્રીપ્ટને કેપિટલ ગેઈનમાં અલગ અલગ ISIN નંબર પ્રમાણે બતાવવાનું રહે કે પછી વર્ષ નો ૫૦૦ સ્ક્રીપ્ટનો ટોટલ ફિગરમાથી નેટ કેપિટલ ગેઈન બતાવવાનો રહે ? – હિત લાંબાણી, કચ્છ**

જવાબઃ તમારા અસીલ શેર માર્કેટમાંજો ટ્રેડિંગ કરતાં હોય તો શોર્ટ ટર્મ કેપિટલ ગેઈનને બદલે ધંધાકીય આવક દર્શાવવી જોઈએ. પણ જો કેપિટલ ગેઈનમાંજ આવક પડતી હોય તો શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન માટે **ISIN** નાંખવો ફરજિયાત નથી તેવો અમારો મત છે.

**૦૧ ઓક્ટોબર ૨૦૨૦થી એકજ વ્યક્તિ પાસેથી ૫૦ લાખથી વધુ માલ ખરીદનાર પર ૧૦% TCS લાગુ થશે. ખાસ પેટ્રોલ ડિઝલની ખરીદી એક જ કંપની પાસેથી થતી હોય છે, પેટ્રોલ પંપ નું વાર્ષિક ૧૦ કરોડ ટર્નઓવર હોય તે ખૂબ સામાન્ય છે. તો ઓઈલ કંપની દ્વારા ૧,૦૦,૦૦૦ જેવો TCS થશે કારણ કે માલ નું ટર્નઓવર ૦૧.૦૪.૨૦૨૦ થી ગણાશે, જેથી FY ૨૦૨૦-૨૧ નો બીજો એટલે કે સપ્ટેમ્બરનો એડવાન્સ ઈન્કમટેક્સ હપ્તો પોતાના ટર્નઓવર અને TCS કપાતને ધ્યાને લઈ ભરવો જોઈએ તેવો મારો મત છે. આ અંગે આપનો અભિપ્રાય જણાવશો. આ ઉપરાંત કઈ તકેદારી રાખી શકાય તે અંગે પણ માર્ગદર્શન આપશો. – રમેશ સોઢા એકાઉટન્ટ જુનાગઢ**

જવાબઃ હા, તમારો મત સાચો છે. TDS અને TCS ક્રેડિટ ધ્યાને લઈ જ એડ્વાન્સ ટેક્સનો હપ્તો ભરવો જોઈએ.

**મારો સવાલ ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૯૪N હેઠળ જે રોકડ ઉપાડ પર TDS થસે તેના ઉપર છે. આ TDS કેટલી રકમના ઉપાડ કર્યા પછી લાગશે? અને કેટલા ટકા લાગશે? ૧ કરોડથી વધુ ઉપાડ થાય તો શું ૫% જેટલો મોટો TDS તમામ કરદાતાઓ ઉપર થશે? આ TDSની ક્રેડિટ મળી શકે કે નહીં? – દિપેશ ઠૂમ્મર, સુરત**

જવાબઃ ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૯૪N મુજબ જો તમે છેલ્લા ૩ વર્ષમાંથી કોઈ પણ એક વર્ષનું પણ ઈન્કમ ટેક્સ રિટર્ન જો ભર્યું હશે તો તમને ૨૦ લાખની મર્યાદા લાગુ પડશે નહીં. છેલ્લા ત્રણ વર્ષ પૈકી એક વર્ષનું રિટર્ન પણ ભરેલ હશે તો ૨% લેખે TDS કપાશે. પરંતુ જો ત્રણ પૈકી એક પણ વર્ષના રિટર્ન ભરેલ ના હોય તો ૨૦ લાખ ઉપર ૨% VTDS અને ૧ કરોડ ઉપર ૫% TDS બેન્કો દ્વારા કરવામાં આવશે. આ VTDS ની ક્રેડિટ કરદાતાને મળે.

**અમારા એક અસીલના નાણાકીય વર્ષ ૨૦૧૮ ૧૯ ના ઈન્કમ ટેક્સ ઓડિટ રિપોર્ટમાં ફેક્ટરી બિલ્ડીંગની રકમમાં જે જમીનની કિમત હતી તેના ઉપર પણ ૧૦% લેખે ઘસારો ગણાય ગયો છે. પ્રશ્ન એ છે કે ઓડિટ રિપોર્ટમાં તથા ઈન્કમ ટેક્સ રિટર્નમાં આ શરતચૂકથી ગણાયેલ ઘસારો કેવી રીતે સુધારી શકાય? – CA મંથન સરવૈયા**

જવાબઃ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના વર્ષ માટે ૩૦.૦૯.૨૦૨૦ સુધી ઈન્કમ ટેક્સ રિટર્ન તથા ઓડિટ રિપોર્ટ બન્ને આ ભૂલો સુધારી રિવાઈઝ કરી શકાય છે.

**મારા અસીલ એગ્રીકલ્ચર જમીન ડેવલપમેન્ટ કરવાના કોન્ટ્રાક્ટનુ કામ કરે છે જેમાં એગ્રીકલ્ચર જમીનના મૂળ માલિક માટે જમીન સમતળ બનાવી બાગાયત પાકના રોપા જેમકે ખારેક, દાડમ વી. ખરીદી અને પ્લાન્ટ કરી તેમજ બાઉન્ડ્રી વગેરે જેવા કામ કરી જમીન તૈયાર કરીને મૂળ માલિકને સોપે છે જમીન તૈયાર કરવાના કોન્ટ્રાક્ટ ની રકમ મૂળ માલિક પાસેથી વસૂલે છે મારો પ્રશ્ન એ છે આ કોન્ટ્રાક્ટ ઉપર ઈન્કમ ટેક્સ લાગે? જો ઈન્કમ ટેક્સ લાગે તો કયા હેડમાં બતાવવાનો રહે? – હિત લિંબાણી, કચ્છ**

જવાબઃ ઈન્કમટેક્સ કાયદાની કલમ ૨(૧A) હેઠળ ખેતીની આવકની વ્યાખ્યા મુજબ તમારા અસીલની આવક ખેતીની આવક ગણાય તેવો અમારો મત છે.

**મારા અસીલ પંદર વર્ષ પહેલાં કોમર્શિયલ વાહન ઓપરેટિંગનું કામ કરતા હતા એક વખત કામ કરતા અકસ્માત સર્જાયો હતો. જેમાં તેમનો આબાદ બચાવ થયો હતો. મોટર વેહીકલ એક્સિડન્ટ હેઠળ તેમને દસ લાખ જેટલુ વળતર મેળવવા પાત્ર હતું જે કાયદાકીય કાર્યવાહી માં વિલંબ થવા ના કારણે અટવાયેલુ હતું. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માં કોર્ટે નો ચુકાદો અસીલની તરફેણમાં આવવાથી અત્યારે મારા અસીલ ને ૧૦ લાખ રૂપિયા જેટલુ વળતર તેમજ ૧૨ લાખ રૂપિયા જેટલું વ્યાજ મળવાપાત્ર છે વ્યાજ ઉપર ૧૦% લેખે વીમા કંપનીએ ટીડીએસ કરેલ છે મારો પ્રશ્ન એ છે કે વિમાની રકમનું વળતર તેમજ તમના ઉપર મળવાપાત્ર વ્યાજ ટેક્સેબલ ઈન્કમ ગણાય કે પછી એકઝમ્ટ ઈન્કમ ગણાય? મારા અસીલ ને દસ વર્ષ સુધી ટેમ્પરરી ડિસેબિલિટી હતી. અને આમના લગતો કોઈ કેસ સ્ટડી હોય તો તે પણ જણાવશો.**

**– પિયુષકુમાર લિંબાણી (કચ્છ)**

જવાબઃ આપના અસીલને મળેલ વિમાની રકમ કેપિટલ રિસીપ્ત ગણાય અને ઈન્કમટેક્સ કાયદા હેઠળ ટેક્સ ભરવા જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે. આ માટે વિનોદકુમાર vs ITO ચંડીગઢ (32 ITD 254 ITAT) તથા CIT Vs ચિરનજી લાલ મૂલતાનીમલ રાય બહાદુર, (PH High Court) જોઈ જવા વિનંતી

### –: ખાસ નોંધ :–

૧. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૨. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે. તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઈ મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કોલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayunagmail.com પર ઈ મેઈલ કરી શકો છો. સોમવાર થી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નોના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કોલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

## વાર્ષિક રિટર્ન ભરવાં સમયે ખ્યાલ આવ્યો કે RCM ભરવા પાત્ર છે... હવે શું કરવું???

### વાર્ષિક રિટર્ન ભરવામાં ઉપયોગી એવી પ્રેસ રીલીઝ આપે છે આ પ્રકારના ઘણા પ્રશ્નોના ઉતર!!! સૌથી મોટો પ્રશ્ન છે RCMનો???




તા. ૧૬.૦૯.૨૦૨૦: નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ ના વાર્ષિક રિટર્ન ભરવાં માટે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૦ છેલ્લી તારીખ છે. જોકે કોરોનાના કારણે આ તારીખ વધવાની શક્યતા પણ રહેલી છે. વાર્ષિક રિટર્ન ભરવામાં અનેક એવા પ્રશ્નો આવી રહ્યા હોય છે જે કરદાતા તથા કર વ્યવસાયિકોને મુજાવતા હોય છે. ૦૩ જુલાઈ ૨૦૧૯ ના રોજની CBICની પ્રેસ રીલીઝ વાર્ષિક રિટર્ન ભરવાં સમયે થતાં અનેક પ્રશ્નોના ઉત્તર આપી શકે છે. વાર્ષિક રિટર્ન ભરતા પહેલા આ પ્રેસ રીલીઝ જોઈ જવી જરૂરી છે. વાંચકો માટે આ પ્રેસ રીલીઝ આ લેખ સાથે આપેલ છે. વાર્ષિક રિટર્ન ભરવા સમયે RCMનો પ્રશ્ન ઘણા કરદાતાઓના કેસમાં આવતો હોય છે. જી.એસ.ટી. કાયદા, નિયમો તથા ખાસ કરીને ૦૩ જુલાઈના રોજની પ્રેસ રીલીઝ ઉપરથી વાંચકો માટે આ ખાસ લેખ તૈયાર કર્યો છે.

**૨૦૧૮-૧૯ માં ભરવાપાત્ર RCM જો ૨૦૧૮-૧૯ માં ભરવામાં ના આવ્યો હોય તો શું એ ભરી દેવો જોઈએ? શું આ RCMની ક્રેડિટ મળે?**

૨૦૧૮ ૧૯ માં ભરવાપાત્ર RCM જો તે વર્ષમાં ના ભરવામાં આવ્યો હોય અને ૨૦૧૮ ૧૯ ના વાર્ષિક રિટર્ન ભરવા સમયે ધ્યાનમાં આવે તો આ RCM ચાલુ વર્ષમાં એટ્લેકે ૨૦૨૦-૨૧ માં વ્યાજ સાથે ભરી આપવો જોઈએ. ૨૦૨૦-૨૧ ના વર્ષમાં આ RCMની ક્રેડિટ મળે અને ૨૦૨૦-૨૧ ના વાર્ષિક રિટર્નમાંજ આ RCMની વિગતો દર્શાવવાની રહે. ૨૦૧૮-૧૯ ના વાર્ષિક રિટર્નમાં RCMની વિગતો દર્શાવવાની થાય નહીં. આ લાભ એવા કિસ્સામાં મળે જેમાં સેવા આપનાર કે માલ વેચનાર બિન નોંધાયેલ હોય. નોંધાયેલ કરદાતા જ્યારે પોતે બિલ આપે RCM કરી ને આપે તેવા ખરીદનાર કે સેવા મેળવનાર કરદાતાને સેલ્ફ ઇનવોઇસ બનાવવાનું થતું ના હોય આ લાભ મળે નહીં તેવો અમારો મત છે.

**૨૦૧૭-૧૮નો RCM ૨૦૧૮-૧૯ માં ભરવામાં આવ્યો છે. શું ૨૦૧૮-૧૯ ના વાર્ષિક રિટર્નમાં આ RCM દર્શાવવાનો રહે?**

હા, ૦૩ જુલાઈ ૨૦૧૯ ની પ્રેસ રીલીઝ મુજબ RCM જે વર્ષમાં ખરેખર ભરવામાં આવ્યો છે તે વર્ષના જ વાર્ષિક રિટર્નમાં દર્શાવવાનો રહે.

**ભરેલ RCM ને DRC વડે રિવર્સ કરવો જરૂરી છે? શું DRC 3 વડે રિવર્સ કરેલ RCMની ક્રેડિટ મળે?**

ના, RCMની રકમ DRC વડે રિવર્સ કરવી જોઈએ નહીં. પ્રેસ રીલીઝ મુજબ જે નાણાકીય વર્ષમાં RCM ભરવામાં આવ્યો છે તે વર્ષમાં આ RCM આઉટપુટ તરીકે દર્શાવી તેની ઈન્પુટ ક્રેડિટ લેવાની રહે છે. જો DRC 03 વડે આ RCM રિવર્સ કરી નાખવામાં આવે તો આ પ્રકારે ક્રેડિટ લઈ શકાય નહીં. માટે જે વર્ષમાં RCM ભરવામાં આવે તે વર્ષમાં તેની ક્રેડિટ લઈ લેવી જોઈએ. RCM ભરી DRC 03 ફાઇલ કરવું જોઈએ નહીં.

(આ લેખમાં દર્શાવેલ મંતવ્યો લેખકના પોતાના અંગત મંતવ્યો છે)

◆ Year: 4, ◆ Issue No.12, ◆ Continue Issue No.47, ◆ Date: 19/09/2020, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.